dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-315 | AD-2026, Shravan Sud-09 | Friday, Dt. 21-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### નૌકાદળ વચ્ચે માહિતીની આપ-લે, સંયુક્ત કવાયત અને ટેકનોલોજી સહયોગ પર ભાર; યુધ્ધજહાજોના સંયુક્ત વિકાસની શક્યતા પણ ચકાસાશે

# ભારત-જાપાન વચ્ચે મોટો સંરક્ષણ કરાર: ઈન્ડો-પેસિફિકમાં સહયોગ વધશે

નવી દિલ્હી, તા.૨૦

ભારત અને જાપાને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સુરક્ષા જાળવવા માટે સંરક્ષણ સહયોગ વધુ મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. ૨૦ ઓગસ્ટે નવી દિલ્હીમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને જાપાનના સંરક્ષણ પ્રધાન શિંજીરો કોઈઝુમીએ દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બેઠક દરમિયાન બંને દેશો વચ્ચે દરિયાઈ સુરક્ષા સહયોગ માટેના ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા આ કરારથી ભારતીય નૌકાદળ અને જાપાન મેરીટાઈમ સેલ્ફ-ડિફેન્સ ફોર્સ વચ્ચે વ્યવહારુ સહયોગ વધશે. તેમાં દરિયાઈ માહિતીની આપ-લે, સંયુક્ત તાલીમ અને દરિયાઈ સુરક્ષાને લગતી કામગીરીનો સમાવેશ થાય છે. બંને દેશોએ મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક માટે પોતાની પ્રતિબદ્ધતા પણ પુનઃવ્યક્ત કરી હતી. બંને સંરક્ષણ પ્રધાનોએ દરિયાઈ સુરક્ષા, નૌકાદળ સહયોગ, સંરક્ષણ સાધનો અને ટેકનોલોજી, સૈન્ય કવાયત તથા સંરક્ષણ ઉદ્યોગના ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંમતિ દર્શાવી હતી. દરિયાઈ સંચાર માર્ગોને સુરક્ષિત રાખવા માટે બંને દેશોના નૌકાદળના જહાજોની પરસ્પર મુલાકાતો વધારવામાં આવશે. બંદરોના ઉપયોગ, જાળવણી અને સમારકામ સુવિધાઓમાં પણ સહયોગ વધારવાની દિશામાં ચર્ચા થઈ હતી. બંને દેશોએ દરિયાઈ ખાણ પ્રતિરોધક ક્ષમતામાં એકબીજાની કુશળતાનો લાભ લેવાની વાત કરી હતી. શોધ અને બચાવ કામગીરી, માનવતાવાદી સહાય તથા આપત્તિ રાહતના ક્ષેત્રોમાં પણ સહયોગ વધારવામાં આવશે. ભારત અને




જાપાન નૌકાદળના જહાજોના સંયુક્ત વિકાસ અને ડિઝાઈનની શક્યતાઓ પણ તપાસશે. આ માટે જાપાનની ટેકનોલોજી અને ભારતની ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ કરવાની દિશામાં ચર્ચા આગળ વધારવામાં આવશે. 'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ સંરક્ષણ જહાજ નિર્માણ ક્ષેત્રે બંને દેશો વચ્ચે સહયોગ વધારવા પર ભાર મૂકાયો છે. બંને પક્ષો નજીકના ભવિષ્યમાં જહાજોની સમારકામ સુવિધાઓના પરસ્પર ઉપયોગ અંગેની વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપવા પણ સંમત થયા છે. સંરક્ષણ સાધનો અને ટેકનોલોજીના હસ્તાંતરણ માટેના માળખાને વધુ અસરકારક બનાવવાની દિશામાં પણ ચર્ચા થઈ હતી. ભારત અને જાપાન વચ્ચેની સંયુક્ત સૈન્ય કવાયતોનો વ્યાપ વધારવામાં આવશે. 'ધર્મ ગાર્ડિયન' અને 'જેમેક્સ' જેવી કવાયતોને વધુ વિસ્તૃત કરવાની યોજના છે. આ ઉપરાંત, ભારત-જાપાન વાયુસેના કવાયત 'વીર ગાર્ડિયન-૨૬'ની તૈયારીઓમાં થયેલી પ્રગતિનું બંને પ્રધાનોએ સ્વાગત કર્યું હતું. આ કવાયતમાં પ્રથમ વખત જાપાન એર સેલ્ફ-ડિફેન્સ ફોર્સના ફાઈટર વિમાનો ભારતમાં તૈનાત થઈને ભાગ લેશે. બંને દેશો કવાયતોમાં માનવરહિત પ્રણાલીઓનો સમાવેશ કરવા તથા સંયુક્ત સૈન્ય અભ્યાસોની જટિલતા વધારવા પણ સંમત થયા છે. ભારત અને જાપાન વચ્ચેનો આ સંરક્ષણ સહયોગ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનની વધતી સૈન્ય અને દરિયાઈ હાજરી વચ્ચે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. બંને દેશોએ નેવિગેશન અને ઓવરફ્લાઈટની સ્વતંત્રતા તથા સલામતીને અવરોધતી એકપક્ષીય કાર્યવાહીનો વિરોધ કર્યો છે. બળ અથવા દબાણ દ્વારા યથાસ્થિતિ બદલવાના પ્રયાસોનો પણ બંને દેશોએ વિરોધ કર્યો હતો. ભારતીય સેનાઓ અને જાપાનની સેલ્ફ-ડિફેન્સ ફોર્સ વચ્ચે સ્પેશિયલ ઓપરેશન્સ ફોર્સના આદાન-પ્રદાનને વધારવા પણ સંમતિ થઈ છે.

# હિમાચલપ્રદેશનાચંદીગઢ-મનાલીહાઈવે પર બે ટ્રક વચ્ચે અકસ્માતમાં ચારનાં મોત

ચંદીગઢ, તા. ૨૦

હિમાચલ પ્રદેશના ચંદીગઢ-મનાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર હનોગી ટનલમાં ગુરુવારે સવારે બે ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત સર્જાયો હતો.

સવારે આશરે ૭:૪૫ વાગ્યે ટનલની અંદર બે ટ્રક સામસામે અથડાતાં ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે સાત લોકો ઘાયલ થયા હતા.



અકસ્માતની જાણ થતાં પોલીસ અને બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત લોકોને વધુ સારવાર માટે નેરચોક મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા હતા. ડીએસપી લોકેન્દ્ર નેગીએ અકસ્માતની પુષ્ટિ કરી હતી.

ટક્કર એટલી જોરદાર હતી કે બંને ટ્રકને ભારે નુકસાન થયું હતું. એક ટ્રકનો આગળનો ભાગ સંપૂર્ણપણે ચકનાચૂર થઈ ગયો હતો અને ક્ષતિગ્રસ્ત ટ્રક ટનલની વચ્ચે ઊભો રહી જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. પોલીસે રાહત કામગીરી હાથ ધરી ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત્ કરવાનો પ્રયાસ કર્યો હતો.

હનોગી ટનલ મંડી જિલ્લામાં પંડોહ અને ઓટ વચ્ચે આવેલી છે અને કુલુ-મનાલી તરફના મુખ્ય માર્ગનો મહત્વનો ભાગ છે.

પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જનરલઝેડ સુધીપહોંચવા વડાપ્રધાન ટુંકસમયમાંનવીપહેલશરૂ કરશે

નવીદિલ્હી, તા.૨૦

મોદી સરકાર ટૂંક સમયમાં જનરલ ઝેડ પેઢી સુધી પહોંચવા માટે 'એક યુનિવર્સિટી એક દિવસ' નામની વિશેષ પહેલ શરૂ કરવાની તૈયારીમાં છે. આ અભિયાન અંતર્ગત દરરોજ એક કેન્દ્રીય મંત્રી યુનિવર્સિટીની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરશે. મંત્રી વિદ્યાર્થીઓની ચિંતાઓ, સમસ્યાઓ અને વિવિધ રાષ્ટ્રીય મુદ્દાઓ અંગે તેમના અભિપ્રાયો જાણશે. સાથે જ, સરકાર દ્વારા યુવાનો માટે અમલમાં મૂકવામાં



આવેલી વિવિધ યોજનાઓ અને નીતિઓ અંગે માહિતી પણ આપવામાં આવશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી અને યુવા બાબતો તથા રમતગમત મંત્રી મનસુખ માંડવિયાને યુનિવર્સિટીઓ અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચે સંકલન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ યોજના અંગે ચર્ચા થઈ હોવાનું પણ જાણવા મળે છે. દેશના વિવિધ વિસ્તારોમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો વચ્ચે સરકારની આ પહેલ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. સ્વતંત્રતા દિવસના સંબોધનમાં પણ વડાપ્રધાન મોદીએ યુવાનોને લગતી કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી.

યુજીસીના આંકડા અનુસાર, દેશમાં આશરે ૧,૩૦૦ યુનિવર્સિટીઓ છે, જેમાં ૫૭ કેન્દ્રીય અને ૫૨૨ રાજ્ય યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે.

### કૂચ દરમિયાન વિદ્યાર્થીઓએ એકબીજાને અબીલ-ગુલાલ લગાવી ઉજવણી કરી

# ઝારખંડના વિદ્યાર્થીઓની 'થેંક્સ ગિવિંગ રેલી'

(એચ.એસ.એલ), રાંચી, તા.૨૦

ઝારખંડમાં JPSC-JSSC ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિ સામે લાંબા સમયથી ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલન બાદ બુધવારે વિદ્યાર્થીઓએ 'કૃતજ્ઞતા કૂચ' યોજી પોતાની ખુશી વ્યક્ત કરી હતી. અગ્રણી વિદ્યાર્થી નેતા દેવેન્દ્ર નાથ મહતોના નેતૃત્વમાં કૂચ જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમથી શરૂ થઈ આલ્બર્ટ એક્કા ચોક પહોંચી



હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. કૂચ દરમિયાન વિદ્યાર્થીઓએ એકબીજાને અબીલ-ગુલાલ લગાવી ઉજવણી કરી હતી. જયપાલ સિંહ મુંડા અને શહીદ આલ્બર્ટ એક્કાની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરી સૂત્રોચ્ચાર અને ફટાકડાં ફોડી આનંદ વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થી નેતાઓના જણાવ્યા અનુસાર, આંદોલનના પરિણામે સરકારે કુલ ૪૫ પરીક્ષાઓ સામે કાર્યવાહી કરી છે. જેમાં ૨૨ પરીક્ષાઓ ૨૬, ૧૭ની તપાસ અને છ પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે. વિદ્યાર્થીઓએ આને પારદર્શિતા અને જવાબદારી તરફનું મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. દેવેન્દ્ર નાથ મહતોના નેતૃત્વમાં ૨ જુલાઈથી વિરોધ શરૂ થયો હતો. બાપુ વાટિકા ખાતે શરૂ થયેલો સત્યાગ્રહ બાદમાં જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે ખસેડાયો હતો અને ૨૪ દિવસ ચાલ્યો હતો. ૨ ઓગસ્ટથી શરૂ થયેલી ભૂખ હડતાળ ૧૬ દિવસ ચાલી હતી.વિદ્યાર્થીઓએ સરકાર અને મુખ્યમંત્રી હેમંત સોરેનનો આભાર માનતાં ભવિષ્યની ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને ઉમેદવારોના હિતને પ્રાથમિકતા આપવાની આશા વ્યક્ત કરી હતી.

# કોંગ્રેસ વંદે માતરમના ફક્ત બે શ્લોક ગાશે, મણિશંકર ઐયરે સરકાર પર પ્રહાર કર્યો


નવીદિલ્હી,તા.૨૦

કોંગ્રેસે સ્પષ્ટતા કરી છે કે પાર્ટીના કાર્યક્રમોમાં 'વંદે માતરમ'ના માત્ર પ્રથમ બે શ્લોક ગાવાની પરંપરા જાળવવામાં આવશે. કોંગ્રેસ કાર્યકારી સમિતિએ ૧૯૩૭ના નિર્ણયને પુનઃ સમર્થન આપતાં આ નિર્ણય લીધો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર ઐયરે સરકાર પર આકરા પ્રહાર કરતાં આરોપ લગાવ્યો કે મુસ્લિમો પ્રત્યેની નફરતને કારણે વંદે માતરમનું સંપૂર્ણ ગાન ફરજિયાત કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે ૧૯૩૭માં રવીન્દ્રનાથ ટાગોરની સલાહ બાદ પ્રથમ બે શ્લોક ગાવાનો નિર્ણય લેવાયો હતો.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

શુક્રવાર, તા.૨૧-૦૮-૨૦૨૬

# વડિયામાં ચાર સિંહોના આગમનથી ભયનો માહોલ, રાત્રે બે સ્થળે ગાયનું મારણ

વડિયા, તા.૨૦

અમરેલી જિલ્લામાં સિંહોનો વસવાટ સતત વધી રહ્યો છે ત્યારે વડિયા અને આસપાસના વિસ્તારમાં ફરી ચાર સિંહોનું આગમન જોવા મળતાં લોકોમાં ચિંતા ફેલાઈ છે. ગત રાત્રે વડિયાથી ઢૂંઢિયા પીપળીયા તરફ જવાના રસ્તે ગામના પાદરમાં સુરવો નદી કિનારે માલધારીઓના વાડામાં સિંહોએ એક ગાયનું મારણ કર્યું હતું. માલધારીઓને જાણ થતાં તેમણે પશુઓની સુરક્ષા માટે સિંહોને ત્યાંથી દૂર હંકાર્યા હતા.ત્યારબાદ સિંહોએ અમરેલી રોડ પર સંપ નજીક બીજી એક ગાયનું મારણ કરી મિજબાની માણી હતી. મારણ થયેલા સ્થળની નજીક જ



ઝૂંપડપટ્ટી વિસ્તારમાં માનવ વસવાટ હોવાથી સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સિંહોના આગમનથી સિંહપ્રેમીઓમાં ખુશી છે, પરંતુ માલધારીઓ, ખેડૂતો અને સ્થાનિક લોકોમાં સુરક્ષાને લઈને ચિંતા વધી છે. વન વિભાગ દ્વારા વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી પૂરતો સ્ટાફ ફાળવવામાં આવે અને સિંહોની હિલચાલ પર સતત નજર રાખવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# અમરેલીમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે અયોગ્ય ખાદ્ય સામગ્રી અને પ્રતિબંધિત એનાલોગ પનીરનો કર્યો નાશ

અમરેલી, તા.૨૦

અમરેલી શહેરમાં નાગરિકોને શુધ્ધ અને સ્વાસ્થ્યપ્રદ ખાદ્યપદાર્થો મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી દ્વારા વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તાજેતરમાં નગરપાલિકા વિસ્તારમાં લાઠી રોડ, નવા બસ સ્ટેન્ડ અને કેરિયા રોડ પર આવેલી ૨૩




ખાદ્ય પેઢીઓની તપાસ કરવામાં આવી હતી.તપાસ દરમિયાન અસ્વચ્છ અને હલકી ગુણવત્તા ધરાવતો રૂ. ૨,૬૯૦ની કિંમતનો ૧૦.૫ કિલોગ્રામ ફરસાણ તેમજ બ્રેડ-પાઉંનો જથ્થો સ્થળ પર જ નાશ કરાયો હતો. ઉપરાંત, વિક્રેતાઓને પરિસરમાં હાઈજીન જાળવવા અને ન્યૂઝપેપરમાં ખાદ્યપદાર્થો પેક ન કરવા કડક સૂચના આપવામાં આવી હતી.વિશેષમાં, ૬ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન જિલ્લાના ૪૮ એકમોમાં દરોડા પાડી ૫૧.૪ કિલોગ્રામ પ્રતિબંધિત એનાલોગ પનીર (રૂ. ૧૮,૬૮૫) જપ્ત કરી નાશ કરાયો હતો તથા ૨ પેઢીઓના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# મોબાઈલ-સીમકાર્ડ વેચાણમાં રજિસ્ટર નિભાવવું ફરજિયાત

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં મોબાઈલ ફોન અને સીમકાર્ડના વેચાણ તથા રિપેરિંગ કરનારાઓ માટે મહત્વનો હુકમ કરવામાં આવ્યો છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે. મોબાઈલ, સીમકાર્ડ વેચાણકર્તા, ડિસ્ટ્રીબ્યુટર અને રિટેઈલરોએ ગ્રાહકના નામ, ઓળખપત્ર અને રહેઠાણના પુરાવાની ચકાસણી કરી રજિસ્ટર નિભાવવું ફરજિયાત રહેશે. રજિસ્ટરમાં મોબાઈલની કંપની, આઈ.એમ.ઈ.આઈ. નંબર, વેચનાર અને ખરીદનારનું નામ-સરનામું તથા આઈ.ડી.પ્રૂફની નકલ સહિતની વિગતો નોંધવી પડશે. સીમકાર્ડ માટે કંપનીનું નામ, નંબર અને ખરીદનારની સહિ પણ લેવાની રહેશે. આ હુકમ તા.૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી અમલી રહેશે.

# બાબરા શહેર ભાજપ દ્વારા સંત ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે સમરસતા સંકલ્પ યાત્રા

બાબરા, તા.૨૦

ભાજપ પ્રદેશની સૂચના તથા જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ અને શહેર પ્રભારીની દેખરેખમાં બાબરા શહેર ભાજપ પરિવાર દ્વારા સંત શિરોમણી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય "સમરસતા સંકલ્પ યાત્રા" તથા કળશ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ અંતર્ગત સંકટમોચન સર્વોપરી હનુમાનજી દાદાના મંદિર ખાતે આગેવાનો દ્વારા



કળશ પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઢોલ-નગારાના નાદ સાથે સમરસતા સંકલ્પ યાત્રાનો પ્રારંભ થયો હતો. યાત્રા દરમિયાન "જય ગુરુદેવ, ધન ગુરુદેવ"ના નાદ સાથે ભક્તિભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામાજિક સમરસતા, સમાનતા, એકતા અને માનવસેવાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ લેવાયો હતો. યાત્રામાં ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહભર્યું અને ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.

# ગોરડકા ગામે વાડીની ઓરડીમાંથી દેશી દારૂ બનાવવાનો ૪૦ લીટર આથો ઝડપાયો

**જિલ્લામાં અલગ-અલગ સ્થળેથી ૧૫ ઇસમો કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યાં**

અમરેલી, તા.૨૦

જિલ્લામાં લઠ્ઠાકાંડ જેવી ઘટના ન બને તે માટે પોલીસે પ્રોહીબીશન ભંગની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે લાલ આંખ કરી હતી. ગોરડકા ગામે વાડીની ઓરડીમાંથી દેશી દારૂ બનાવવાનો ૪૦ લીટર આથો ઝડપાયો હતો. આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૩ મહિલાઓ સહિત ૫૫ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. આ સિવાય જિલ્લામાં અલગ-અલગ સ્થળેથી ૧૫ ઈસમો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# ધારી તાલુકાના મોણવેલ ગામે વાડીના ગોડાઉનમાંથી તલ અને ડીઝલની ચોરી

**ઈલેક્ટ્રિક કટર મશીન પણ ઉઠાવી ગયા**


ધારી, તા. ૨૦

ધારીના મોણવેલ ગામે વાડીના ગોડાઉનમાંથી તલ અને ડીઝલની ચોરી થઈ હતી. ઉપરાંત તસ્કરો ઈલેક્ટ્રિક કટર મશીન પણ ઉઠાવી ગયા હતા. આ અંગે ભરતભાઈ રણછોડભાઈ હિરપરા (ઉ.વ.૫૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની વાડીના ગોડાઉનના બંધ તાળા ખોલીને તેમાં રાખેલા આશરે ૭૦ મણ સફેદ તલ તથા ડીઝલ ભરેલા ટીપણામાંથી આશરે ૫૦ લીટર ડીઝલ મળીને કુલ રૂ. ૧,૪૫,૦૦૦ની ચોરી થઈ હતી. તેમજ સાહેદ શૈલેષભાઈ વિઠ્ઠલભાઈ ઢોલરીયા તથા જયસુખભાઈ વિઠ્ઠલભાઈ ઢોલરીયાની વાડીના ગોડાઉનના તાળા ખોલી તેમાંથી આશરે ૭૦ મણ સફેદ તલ અને ઈલેક્ટ્રિક કટર મશીન કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજવી રાયચાએ શૂટિંગમાં સિલ્વર મેડલ મેળવી રાજુલાનું ગૌરવ વધાર્યું

રાજુલા,તા. ૨૦

રાજુલા તાલુકાની પ્રતિભાશાળી દીકરી રાજવી દીપકભાઈ રાયચાએ અમદાવાદ ખાતે યોજાયેલી ૬૨મી ગુજરાત રાજ્ય શૂટિંગ ચેમ્પિયનશિપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી દ્વિતીય ક્રમ સાથે સિલ્વર મેડલ મેળવ્યો છે. ધોરણ-૯માં અભ્યાસ કરતી રાજવીની આ સિદ્ધિ બદલ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તાલુકા વહીવટી તંત્ર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં



આવ્યું હતું. સન્માનથી રાજવી અને પરિવારજનોમાં ઉત્સાહ વધ્યો છે. સમગ્ર રાયચા પરિવારે તંત્રનો આભાર વ્યક્ત કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા બદલ ખુશી વ્યક્ત કરી હતી.

# ચિતલ ગામે પતિએ એક દિવસ બાદ પિયર જવાનું કહેતા પત્નીએ ઝેરી દવા પીધી

**ચાર મહિના પહેલા જ લગ્ન થયા હતા**

અમરેલી, તા. ૨૦

ચિતલ ગામે પતિએ એક દિવસ બાદ પિયર જવાનું કહેતા પત્ની એ ઝેરી દવા પી લીધી હતી, જેના કારણે તેનું મોત થયું હતું.

બંનેના લગ્નને માત્ર ચાર મહિના જ થયા હતા.આ અંગે મૂળ મધ્યપ્રદેશના અને હાલ રાજકોટના સરધાર ખાતે રહેતા દેવસિંઘભાઈ રામસિંગભાઈ બામણીયા (ઉ.વ. ૪૫)એ જાહેર કર્યા મુજબ, ચિતલ ખાતે રહેતી તેમની પુત્રી સુશીલાબેન કરણભાઈ અજનારને પિયર જવું હતું.

પરંતુ તેના પતિ કરણભાઈએ એકાદ દિવસ પછી જવાનું કહેતા, સુશીલાબેનને મનમાં લાગી આવ્યું હતુ અને તેમણે ઝેરી દવા પી લીધી હતી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.ડી. વાજા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભા તાલુકાના ડેડાણ ગામે ઠપકો આપતાં સારું નહીં લાગતા ધમકી આપી

ખાંભા, તા. ૨૦

ખાંભાના ડેડાણ ગામે ઠપકો આપતાં સારું નહીં લાગતા ધમકી આપવામાં આવી હતી. આ અંગે સાહીલભાઈ વજીરભાઈ બેલીમ (ઉ.વ.૨૩) એ અયાન ફીરોજભાઈ અગવાન (રહે. ડેડાણ), ચેતન ઉર્ફે બુધો મનજીભાઈ સોંદરવા (રહે. નવા માલકનેશ) તથા એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ, ચેતન ઉર્ફે બુધો મનજીભાઈ સોંદરવા બે દિવસ પહેલાં તેમના ઘર આગળથી નીકળ્યો હતો અને ગાળો આપી હતી, જેથી તેમણે ઠપકો આપ્યો હતો. તે વાતનું સારું ન લાગતાં, તેઓ જ્યારે પોતાના ઘર આગળ ઊભા હતા ત્યારે આરોપીઓ મોટરસાયકલ લઈને આવ્યા હતા અને જેમ-ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ લાકડાના ધોકા વડે ફટકારીને મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. ત્રણેય આરોપીઓ જતી વખતે તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી ગયા હતા. આ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ રવિભાઈ જીવણભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચોરીના કેસમાં પકડાયેલા આરોપીએ જેલ જવાની બીકે પીપાવાવ મરીન પોલીસ મથકના બાથરૂમમાં હાર્પિક ગટગટાવ્યું

રાજુલા, તા.૨૦

રાજુલાના કડીયાળી ગામના એક શખ્સે ચોરીના કેસમાં ધરપકડ થયા બાદ જેલવાસની બીકે પોલીસ સ્ટેશનના બાથરૂમમાં પડેલું હાર્પિક પીને આપઘાતનો પ્રયાસ કર્યાની ઘટના સામે આવી હતી. કડીયાળી ગામના સંજયભાઈ ઉર્ફે સુનીલ ધનજીભાઈ ખસીયા (ઉ.વ.૨૫) વિરુધ્ધ મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ચોરી અંગેનો ગુનો નોંધાયો હતો. જે સંદર્ભે પોલીસે તા. ૧૭/૦૮/૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યાના અરસામાં તેની અટકાયત કરી હતી.આરોપી વિરુધ્ધ અગાઉ પણ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ગુનાઓ નોંધાયેલા હતા.

જેથી ફરી જેલમાં જવું પડશે તેવા ભય અને જિંદગીથી કંટાળી જવાના કારણે તેણે પોલીસ મથકના બાથરૂમમાં સાફ-સફાઈ માટે રાખેલી બ્લૂ કલરની હાર્પિકની બોટલમાંથી એક ઘૂંટડો પી લીધો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.ડી. હડીયા વધુ તપાસ કરી રહ્યા છે.










# બાબરામાં એસ.ટી. બસ સુવિધાઓ વધારવા ભાજપ પરિવારની રજૂઆત

બાબરા, તા. ૨૦



બાબરા શહેર ભાજપ પરિવાર દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળવિયાની કાર્યાલય ખાતે એસ.ટી. બસ સુવિધાઓ અંગે એસ.ટી. વિભાગના મુખ્ય અધિકારીઓ સાથે બેઠક યોજી વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી.બાબરા શહેર અને તાલુકાના મુસાફરોને વધુ સારી પરિવહન સુવિધા મળી રહે તે માટે બાબરા એસ.ટી. ડેપોમાં જરૂરી સુવિધાઓ વધારવા તેમજ નવી બસ સેવાઓ શરૂ કરવા માંગ કરવામાં આવી હતી. ખાસ કરીને અમરેલીથી વાયા બાબરા થઈને લાંબા રૂટની બસો શરૂ કરવા રજૂઆત કરાઈ હતી.આ પ્રસંગે બાબરા જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરિયા, શહેર ભાજપ મંડળ પ્રમુખ કલ્પેશભાઈ બી. ખખ્ખર, મહામંત્રી રમેશભાઈ સાંગડીયા, જગદીશભાઈ વાવડીયા સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ, વેપારીઓ, નોકરીયાતો અને ગ્રામ્ય વિસ્તારના મુસાફરોને વધુ સુવિધા મળે તે હેતુથી રજૂઆત કરાઈ હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ અમરેલી ગજેરા સંકુલની મુલાકાત લીધી

અમરેલી,તા.૨૦



અમરેલી જિલ્લા લેઉઆ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ મંત્રી કૌશિકભાઈ વેકરિયા, મંત્રી જીતુભાઈ વાઘાણી, સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને અભયભાઈ ચૌહાણે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મહાનુભાવોના સાનિધ્યથી સંસ્થાની વિદ્યાર્થીનીઓને વિકાસ અને આત્મનિર્ભરતાના પાઠો શીખવા મળ્યા હતા તેમજ પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું.કન્યા કેળવણી અને શિક્ષણ ક્ષેત્રે સમાજને ઉન્નત માર્ગે દોરવાના સ્વપ્ન સાથે સંલગ્ન પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા બદલ સંસ્થાના હોદ્દેદારો પ્રમુખ મનુભાઈ હુમ્મર, ઉપપ્રમુખ પ્રતાપભાઈ જોગાણી, મંત્રી મનુભાઈ ડાવરિયા, સહમંત્રી નરેન્દ્રભાઈ હિરપરા, ખજાનચી નાનુભાઈ વેકરિયા, મેનેજિંગ ટ્રસ્ટી નાગજીભાઈ સોજીત્રા તથા ટ્રસ્ટી મંડળ અને સ્થાનિક મેનેજમેન્ટે હર્ષની લાગણી અનુભવી આભાર વ્યક્ત કર્યો છે.

# સમાધાન ન કર્યાનું મનદુ:ખ રાખી જાનથી મારવાની ધમકી આપી

**ખાંભાના જીવાપર ગામનો બનાવ**

ખાંભા, તા. ૨૦

ખાંભાના જીવાપર ગામે સમાધાન ન કર્યાનું મનદુઃખ રાખી જાનથી મારવાની ધમકી આપવાની ઘટના બની હતી. બનાવ સંદર્ભે મહેશભાઈ શામજીભાઈ હીરપરા (ઉં.વ.૪૫)એ વિજયભાઈ માધાભાઈ સરવૈયા તથા સંજયભાઈ માધાભાઈ સરવૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આશરે સાડા સાત મહિના પહેલા આરોપીઓએ તેમને ફોન કરીને તથા વોટ્સએપ ગ્રુપમાં ગાળો આપી હતી.આ અંગે તેમણે બંને વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યારથી જ બંને આરોપીઓ સમાધાન કરવા માટે ધાક-ધમકી આપતા હતા, પરંતુ તેમણે સમાધાન કર્યું નહોતું. તેનું મનદુઃખ રાખી આરોપીઓએ ફરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ રવિભાઈ જીવણભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલના ખેલાડીઓનું ટેકવેન્ડોમાં શાનદાર પ્રદર્શન

અમરેલી, તા.૨૦



૯ ઓગસ્ટે સાવરકુંડલા ખાતે યોજાયેલી SGFI જિલ્લા કક્ષાની ટેકવેન્ડો સ્પર્ધામાં અમરેલી ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. વિવિધ કેટેગરીમાં ખેલાડીઓએ ફાઈનલ સુધી પહોંચીને કુલ ૧૫ સુવર્ણ અને ૮ રજત પદક મેળવ્યાં હતા. સુવર્ણ પદક વિજેતાઓમાં પલ સોલંકી, હાસ્તી ભડાણિયા, દિશા દવે, હીરવા કાનાણી, પરી બારૈયા સહિત ૧૫ ખેલાડીઓનો સમાવેશ થાય છે. જ્યારે જીયા નાઘેરા, ધનશ્રી આલ, અનિતા ખસિયા, ગુંજન ખસિયા, હાર્દિક ગમારા સહિત ૮ ખેલાડીઓએ રજત પદક મેળવ્યાં હતા. ખેલાડીઓની સફળતા પાછળ નિયમિત પ્રશિક્ષણ, મહેનત અને કોચ વિકુશભાઈ ભેડાના માર્ગદર્શનનો મહત્વનો ફાળો રહ્યો હતો. સંસ્થાના વસંતભાઈ ગજેરા, અશોકભાઈ ગજેરા, ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ તથા કોચને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં સુરક્ષાને લઈને અધિક મેજિસ્ટ્રેટનું જાહેરનામું

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં કાયદો અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓ માટે મહત્વનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. હવે એજન્સીના માલિક કે મેનેજર પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી પર રાખી શકશે નહીં. ભરતી કરાયેલા કર્મચારીઓના બાયોડેટા અને વેરીફિકેશન ફોર્મ સાથે આધારકાર્ડની નકલ રાખવાની રહેશે. પોલીસ વેરીફિકેશન બાદ જ કંપની, ઉદ્યોગ, બેંક, એટીએમ, હોટલ, સોસાયટી, શાળા, કોલેજ સહિતની જગ્યાએ સેવા આપી શકાશે. સંસ્થાઓએ પણ વેરીફિકેશન થયેલા કર્મચારીઓને જ નોકરી પર રાખવાના રહેશે. નિયમનો ભંગ કરનાર એજન્સી માલિક અને સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# શીતલ આઈસક્રીમ હવે બેંગલુરુમાં પણ ઉપલબ્ધ

અમરેલી, તા.૨૦



શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડની પ્રતિષ્ઠિત બ્રાન્ડ શીતલ આઈસક્રીમ દ્વારા કર્ણાટકના બેંગલુરુ ખાતે પોતાની નવી ડિસ્ટ્રિબ્યુશન ચેનલનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સાથે શીતલ આઈસક્રીમની દેશવ્યાપી વિસ્તરણયાત્રામાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ઉમેરાયું છે. બેંગલુરુમાં વિતરણ નેટવર્ક શરૂ થતાં હવે કર્ણાટકના ગ્રાહકોને પણ શીતલ આઈસક્રીમની વિવિધ પ્રોડક્ટ્સ સરળતાથી ઉપલબ્ધ બનશે. કંપની ગુણવત્તા અને ગ્રાહક સંતોષને પ્રાથમિકતા આપી સતત નવા વિસ્તારોમાં પોતાની પહોંચ વધારી રહી છે. શીતલ આઈસક્રીમની કેટલીક પ્રોડક્ટ્સ US FDAના ધોરણોને અનુરૂપ બનાવવામાં આવી હોવાનું કંપની દ્વારા જણાવાયું છે. બેંગલુરુમાં પ્રવેશ સાથે બ્રાન્ડના બજાર વિસ્તારને વધુ વેગ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

જયશ્રીબેન પ્રવીણભાઈ વડેરા, ઉ.વ. ૬૬, તા. ૨૦-૦૮-૨૦૨૬, ગુરુવારના રોજ અવસાન પામેલ છે. સદ્ગતનું ઉઠમણું તા. ૨૧-૦૮-૨૦૨૬, શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન નાગેશ્વર મહાદેવ મંદિર, અશોક સમ્રાટ સ્કૂલ, મોરારી નગર મેઈન રોડ ખાતે રાખેલ છે. તેઓ પ્રવીણભાઈ ભાઈલાલભાઈ વડેરાનાં ધર્મપત્ની, નિલેશભાઈ, વિપુલભાઈ, કલાબેન તથા બીનાબેનનાં માતૃશ્રી, મીત તથા શુભમનાં દાદી અને વીનુભાઈનાં ભાભી હતાં.

# સાવરકુંડલામાં પતિએ અનૈતિક સંબંધની જાણ હોવાની દાઝ રાખી પત્નીને જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા શહેરમાં જૂની પોલીસ ફરિયાદો અને આડા સંબંધોની જાણ થઈ જવાના મનદુ:ખમાં પતિએ પત્ની પર હથિયારથી હુમલો કરવાનો પ્રયાસ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. શિલ્પાબેન ઉર્ફે શીલા હરેશભાઈ બગડાએ પતિ હરેશભાઈ દેવજીભાઈ બગડા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ આરોપીએ અગાઉ પણ મારામારી કરી હતી અને અન્ય ફરિયાદો પણ થઈ હતી. બીજી તરફ હરેશભાઈએ પત્ની સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી હતી. પૈસાના મુદ્દે ઝઘડો કરી ધમકી આપ્યાનો આક્ષેપ કર્યો છે. સાવરકુંડલા ટાઉન પોલીસના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.















### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૭૫/૨૦૨૬

અરજદારશ્રી :- પરમાર કિંજલબેન શૈલેષભાઈ ડો/ઓ મોહનભાઈ ચૌહાણ
સરનામું :- રે.અમરેલી તા.અમરેલી જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફીસરશ્રી-નગરપાલીકા જાફરાબાદ
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના શ્રી પરમાર કિંજલબેન શૈલેષભાઈ ડો/ઓ મોહનભાઈ ચૌહાણ એ તેમના ભાઈ નામે શ્રી રાહુલભાઈ મોહનભાઈ ચૌહાણ નું તા.૦૮/૦૫/૨૦૨૩ નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.આર. મહિડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૫૭/૨૦૨૬

અરજદારશ્રી :- પ્રવિણભાઈ રણછોડભાઈ રાઠોડ
સરનામું :- રે.આંબેટકરનગર રાજુલા તા.રાજુલા જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-ટીંબી
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામના શ્રી પ્રવિણભાઈ રણછોડભાઈ રાઠોડ એ તેમના પુત્ર નામે શ્રી જયદિપભાઈ પ્રવિણભાઈ રાઠોડ નો તા.૨૩/૦૫/૨૦૦૧ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.આર.મહિડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૨૧૪/૨૦૨૬

અરજદારશ્રી :- કોટડીયા યશવંત ભુરાભાઈ
સરનામું :- રે.સીતાનગર ચોક સુરત તા.સુરત જી.સુરત
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-વાંઢ
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વાંઢ ગામના શ્રી કોટડીયા યશવંત ભુરાભાઈ એ તેમના પિતા નામે ભુરાભાઈ ગભરૂભાઈ કોટડીયા નું મરણ તા.૦૫/૦૨/૧૯૯૩નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.આર.મહીડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

તંત્રી લેખ

# ચાઇના સામે ભારતની પ્રથમ શરત સરહદ પર શાંતિ જરૂરી

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ભારત મુલાકાતના અહેવાલથી દક્ષિણ એશિયાના રાજકીય વાતાવરણમાં નવી હલચલ શરૂ થઈ છે. ગલવાનની લોહિયાળ અથડામણ બાદ લાંબા અંતરાલ પછી ચીનના રાષ્ટ્રપતિ ભારતની ધરતી પર આવે તેવી શક્યતા બંને દેશોના સંબંધોની દિશા માટે મહત્વપૂર્ણ બની શકે છે. સપ્ટેમ્બરમાં યોજાનારી બ્રિક્સ સમિટ આ મુલાકાતનું કારણ બની શકે છે, પરંતુ તેનો રાજકીય સંદેશ ઘણો મોટો છે. સવાલ એ છે કે શું ભારત-ચીન સંબંધો ફરી સામાન્ય થવા તરફ આગળ વધી રહ્યા છે કે પછી આ માત્ર વૈશ્વિક દબાણ વચ્ચેની ઔપચારિક મુલાકાત છે? ૨૦૧૪ અને ૨૦૧૯માં થયેલી મુલાકાતો દરમિયાન ભારતે ચીનના રાષ્ટ્રપતિનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. અમદાવાદથી લઈને મહાબલિપુરમ સુધીના કાર્યક્રમોએ બંને દેશોની પ્રાચીન સંસ્કૃતિ અને મિત્રતાની છબી રજૂ કરી હતી. જોકે, બીજી તરફ સરહદ પર ચીની સેનાની ગતિવિધિઓ ચાલુ રહી હતી. આ દ્વિધાભરી સ્થિતિને કારણે ભારતના નીતિ-નિર્માતાઓ વધુ સાવચેત બન્યા છે. હવે ભારતનો અભિગમ સ્પષ્ટ છે કે સરહદ પર શાંતિ અને સ્થિરતા હશે તો જ દ્વિપક્ષીય સંબંધોમાં વ્યાપક સુધારો શક્ય બનશે. વર્તમાન પરિસ્થિતિમાં બંને દેશોની આર્થિક જરૂરિયાતો પણ મહત્વની છે. કોવિડ બાદ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતની ભૂમિકા વધી છે અને અનેક બહુરાષ્ટ્રીય કંપનીઓ ચીન ઉપરાંત ભારતમાં પણ ઉત્પાદન કેન્દ્રો વિકસાવવા માંગે છે. બીજી તરફ ચીન આર્થિક પડકારો અને અમેરિકા સાથેના વેપાર તણાવનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં ભારત જેવા વિશાળ બજાર સાથેના સંબંધોને અવગણવું ચીન માટે પણ સરળ નથી. આ આર્થિક વાસ્તવિકતા બંને દેશોને વાતચીતના ટેબલ પર લાવી શકે છે. ભારત માટે સરહદનો મુદ્દો સૌથી મહત્વનો રહેશે. વાસ્તવિક નિયંત્રણ રેખા એટલે કે એલએસી પર યથાસ્થિતિ જાળવવી, ઘર્ષણના સ્થળોએથી સૈનિકોની પીછેહઠ અને સરહદ પર શાંતિ જાળવવી ભારતની મુખ્ય પ્રાથમિકતા રહેશે. આ ઉપરાંત કૈલાસ માનસરોવર યાત્રા, સીધી ફ્લાઈટ્સ અને વિઝા નિયમોમાં સરળતા જેવા લોકો વચ્ચેના સંપર્કના મુદ્દાઓ પણ ચર્ચાઈ શકે છે. વેપાર ક્ષેત્રે પણ બંને દેશો વચ્ચે સંતુલન અને સમાન તક જરૂરી છે. ભારત અને ચીનના સંબંધોનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો છે. બૌદ્ધ ધર્મ, વેપાર અને સાંસ્કૃતિક સંપર્કોએ બંને દેશોને જોડ્યા છે. આધુનિક સમયમાં ૧૯૫૦માં ભારતે સામ્યવાદી ચીનને માન્યતા આપી હતી. ત્યારબાદ 'હિન્દી-ચીની ભાઈ-ભાઈ'ના નારા સાથે મિત્રતાની આશા જાગી હતી. પંચશીલ કરારથી શાંતિપૂર્ણ સહઅસ્તિત્વની અપેક્ષા ઊભી થઈ હતી, પરંતુ તિબેટ અને સરહદના વિવાદને કારણે ૧૯૬૨માં યુધ્ધ થયું. ૧૯૮૮ બાદ સંબંધોમાં ધીમે ધીમે સુધારો આવ્યો અને વેપાર વધ્યો. આ મુલાકાત ભારત માટે કસોટી પણ છે અને તક પણ. ભારતે એક તરફ પોતાના રાષ્ટ્રીય હિત અને સુરક્ષાની લાલ રેખાઓ પર અડગ રહેવું પડશે, જ્યારે બીજી તરફ જરૂરી ક્ષેત્રોમાં ચીન સાથે સહયોગ પણ જાળવવો પડશે. શી જિનપિંગનું સ્વાગત અતિથિ ધર્મ મુજબ થવું જોઈએ, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે કોઈ સમાધાન ન થવું જોઈએ. જો આ સંતુલન જળવાશે તો મુલાકાત બંને દેશોના સંબંધોમાં સ્થિરતા લાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે.

# ચોમાસું: ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે અને બદલાતી આબોહવાનો પડકાર પણ છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ




વૈદિક પરંપરામાં ઋતુચક્રને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. ચાતુર્માસ જેવા અનુષ્ઠાનો દર્શાવે છે કે પ્રાચીન ભારતીય સમાજ કુદરત અને માનવજીવનને અલગ નહીં, પરંતુ એકબીજા સાથે જોડાયેલા સ્વરૂપે જોતો હતો. અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો વરસાદના આ ચાર મહિના આજે પણ ધાર્મિક અને સાંસ્કૃતિક રીતે વિશિષ્ટ ગણાય છે. આ સમયગાળો આધ્યાત્મિક સાધના, સંયમ, ભક્તિ અને આત્મચિંતન માટે મહત્વનો માનવામાં આવે છે. ભારતીય માનસમાં ચોમાસું પુનર્જીવનનું પ્રતીક છે. ઉનાળાની આકરી ગરમી પછી જ્યારે પ્રથમ વરસાદ પડે છે ત્યારે સૂકી ધરતી જીવંત બની જાય છે. તળાવો ભરાય છે, નદીઓમાં નવા નીર આવે છે, વૃક્ષો-વેલીઓ હરિયાળી ધારણ કરે છે અને ખેતીના નવા ચક્રનો પ્રારંભ થાય છે. એટલે જ વૈદિક સ્તોત્રોમાં વરસાદ, વાદળ અને જળ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી છે. ઈન્દ્ર અને પર્જન્ય જેવી દેવશક્તિઓ સાથે વરસાદને જોડવામાં આવ્યો છે. ભારતની સભ્યતાનો પાયો કૃષિ સાથે જોડાયેલો છે અને કૃષિનો મુખ્ય આધાર ચોમાસું છે. ભારત હવામાન વિજ્ઞાન વિભાગ મુજબ, જૂનથી સપ્ટેમ્બર દરમિયાન પડતો દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનો વરસાદ દેશના કુલ વાર્ષિક વરસાદમાં લગભગ ૭૫ ટકા જેટલો ફાળો આપે છે. ચોમાસું સારું રહે તો ખેતી, જળસંગ્રહ અને ગ્રામ્ય અર્થતંત્રને બળ મળે છે. બીજી તરફ વરસાદમાં અનિયમિતતા આવે તો તેની અસર ખેતરો પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ બજારથી લઈને સમગ્ર અર્થતંત્ર સુધી પહોંચે છે.

પ્રાચીન સમયમાં આ સંબંધ વધુ સીધો હતો. સમયસર અને પૂરતો વરસાદ એટલે સમૃદ્ધિ, જ્યારે વરસાદમાં વિલંબ કે અછત એટલે અન્નસંકટની શક્યતા. ચોમાસાએ ભારતના ધાર્મિક જીવનને પણ ઊંડે સુધી પ્રભાવિત કર્યું છે. ચાતુર્માસ દરમિયાન શ્રાવણની શિવભક્તિ, જન્માષ્ટમી, રક્ષાબંધન, ગણેશ ચતુર્થી, ઓણમ અને ત્યારબાદ નવરાત્રી જેવા અનેક તહેવારો આવે છે. આ સમયગાળા દરમિયાન સાધુ-સંતો એક જ સ્થળે રોકાઈને પ્રવચનો, સાધના અને ધાર્મિક કાર્યો કરતા આવ્યા છે. જૈન પરંપરામાં પણ ચાતુર્માસનું વિશેષ મહત્વ છે. જૈન સાધુ-સાધ્વીઓ વરસાદના ચાર મહિના દરમિયાન એક સ્થળે નિવાસ કરે છે. આ પરંપરા પાછળ ધાર્મિક કારણો ઉપરાંત વ્યવહારુ કારણો પણ હતાં. ભારે વરસાદ દરમિયાન નદીઓમાં પૂર આવતું, કાચા રસ્તાઓ કાદવથી ભરાઈ જતા અને જંગલના માર્ગો જોખમી બની જતા. લાંબી યાત્રા મુશ્કેલ બનતી. તેથી એક સ્થળે રોકાઈ જવું કુદરતી પરિસ્થિતિને અનુરૂપ વ્યવસ્થા હતી, જે સમય જતાં ધાર્મિક પરંપરાનું સ્વરૂપ ધારણ કરતી ગઈ. જૈન દર્શનમાં તેની પાછળ અહિંસાનો ભાવ પણ જોડાયેલો છે. વરસાદ દરમિયાન સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ વધતી હોવાથી પ્રવાસ ટાળીને અનાયાસ હિંસા ન થાય તે માટે પણ ચાતુર્માસનું મહત્વ રહ્યું છે. ચોમાસાની છાપ ભારતીય કલા અને સાહિત્ય પર પણ ઊંડી છે. કવિઓએ વાદળ, વીજળી, મોરના ટહુકા, ભીની માટીની સુગંધ અને વરસાદના ટીપાંને કાવ્યનો વિષય બનાવ્યા છે. સંગીતમાં મલ્હાર અને તેના વિવિધ પ્રકારના રાગો વરસાદ સાથે સાંસ્કૃતિક રીતે જોડાયેલા છે. ભારતીય લઘુચિત્રોમાં વરસાદી ઋતુને પ્રેમ, વિરહ અને પ્રકૃતિના સૌંદર્ય સાથે રજૂ કરવામાં આવી છે. લોકગીતોમાં પણ વરસાદની રાહ જોતી નારી, પ્રિયજનના વિરહ અને હરિયાળી ધરતીના ભાવો જોવા મળે છે. આમ, ચોમાસું માત્ર ખેતીનું ઋતુચક્ર નથી, પરંતુ ભારતીય સૌંદર્યબોધ અને સંવેદનાનો મહત્વનો આધાર છે. વરસાદે ભારતના સમાજને જળસંચયની મહત્વપૂર્ણ સમજ પણ આપી છે. વર્ષના થોડા મહિનામાં પડતું પાણી આખું વર્ષ ઉપયોગમાં લેવું પડતું હતું. તેથી તળાવો, વાવ, કૂવા, તળાવડીઓ અને નાના જળાશયોની પરંપરા વિકસી. ગુજરાત અને રાજસ્થાન જેવા અર્ધશુષ્ક વિસ્તારોમાં તો આવી જળવ્યવસ્થાઓ જીવનરેખા સમાન હતી. સમાજે પાણીને માત્ર વ્યક્તિગત સંપત્તિ નહીં, પરંતુ સામૂહિક સંસાધન તરીકે પણ જોવાની પરંપરા વિકસાવી હતી. વરસાદી પાણીના સંગ્રહ અને તેના યોગ્ય ઉપયોગથી ગામડાંઓનું જીવન લાંબા સમય સુધી ટકી શકતું હતું. પરંતુ આજના સમયમાં ચોમાસાનું સ્વરૂપ ઝડપથી બદલાઈ રહ્યું છે. સમસ્યા માત્ર કુલ વરસાદની નથી, પરંતુ વરસાદ ક્યારે પડે છે, કેટલા સમય સુધી પડે છે અને કેટલી તીવ્રતાથી પડે છે તે પણ એટલું જ મહત્વનું છે. હવામાનમાં થતા ફેરફારોને કારણે અનેક વિસ્તારોમાં ભારે અને અતિભારે વરસાદની ઘટનાઓ અંગે ચિંતા વધી છે. ટૂંકા સમયગાળામાં અત્યંત ભારે વરસાદ અને ત્યારબાદ લાંબો વરસાદી વિરામ આ બંને સ્થિતિ કૃષિ અને શહેરી વ્યવસ્થા માટે પડકારરૂપ બની રહી છે. આ બદલાવનો સૌથી મોટો પડકાર અનિયમિતતા છે. એક જ ઋતુમાં લાંબો વરસાદી વિરામ અને ત્યારબાદ થોડા કલાકોમાં અત્યંત ભારે વરસાદ પડી શકે છે. આવો વરસાદ જમીનમાં પૂરતો ઉતરવાને બદલે પૂર અને જળબંબાકાર સર્જી શકે છે. બીજી તરફ લાંબો વરસાદી વિરામ પાકને નુકસાન પહોંચાડે છે. પરિણામે એક જ રાજ્ય અથવા દેશમાં એક જ સમયે ક્યાંક અતિવૃષ્ટિ અને ક્યાંક વરસાદની અછત જેવી પરિસ્થિતિ ઊભી થઈ શકે છે. શહેરોમાં આ સમસ્યા વધુ ગંભીર બની રહી છે. અગાઉ વરસાદનું પાણી શોષી લેતી ખુલ્લી જમીન, તળાવો અને કુદરતી નાળા મોટી સંખ્યામાં હતાં. આજે વધતા કોંક્રિટના બાંધકામ અને કુદરતી જળમાર્ગો પરના દબાણને કારણે વરસાદી પાણીના નિકાલની સમસ્યા ઊભી થઈ છે. સુરત, અમદાવાદ સહિતના શહેરોમાં ભારે વરસાદ દરમિયાન કેટલાક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. તેથી ચોમાસાની સમસ્યા હવે માત્ર વરસાદની નથી, પરંતુ શહેરી આયોજન, ડ્રેનેજ વ્યવસ્થા અને કુદરતી જળમાર્ગોના સંરક્ષણની પણ છે. કૃષિ માટે પણ બદલાતું ચોમાસું મોટો પડકાર છે. વાવણી પછી લાંબો વરસાદી વિરામ પાકના વિકાસને અસર કરી શકે છે, જ્યારે પાક તૈયાર થવાના સમયે અતિવૃષ્ટિ થાય તો પાકને ભારે નુકસાન થઈ શકે છે. આવી સ્થિતિમાં હવામાન આધારિત કૃષિ સલાહ, સૂક્ષ્મ સિંચાઈ, વરસાદી પાણીનો સંગ્રહ, યોગ્ય પાક પસંદગી અને પાક વૈવિધ્યકરણ વધુ મહત્વપૂર્ણ બની રહ્યા છે. ખેડૂતોને સમયસર હવામાનની માહિતી મળે અને તેના આધારે વાવણી તથા સિંચાઈનું આયોજન કરી શકાય તો નુકસાન ઘટાડી શકાય છે. પ્રાચીન ભારતીય સમાજે ચોમાસાને જીતવાનો પ્રયાસ કર્યો નહોતો, પરંતુ તેની સાથે જીવવાની રીત વિકસાવી હતી. ઋતુ પ્રમાણે જીવનશૈલી ગોઠવવામાં આવી, પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો અને કુદરતને ધાર્મિક તથા સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડવામાં આવી. આજે આપણી પાસે આધુનિક ટેકનોલોજી, હવામાન આગાહી અને વૈજ્ઞાનિક સાધનો છે, પરંતુ જો આપણે પરંપરાગત જળવ્યવસ્થાને અવગણીશું તો ભારે વરસાદ એક તરફ પૂર અને બીજી તરફ ઉનાળામાં પાણીની અછત સર્જી શકે છે. આથી આજના સમયમાં પરંપરા અને આધુનિક વિજ્ઞાન વચ્ચે સંતુલન સાધવાની જરૂર છે. વરસાદી પાણીના સંગ્રહને પ્રોત્સાહન આપવું, તળાવો અને કુદરતી નાળાઓનું સંરક્ષણ કરવું, શહેરોમાં યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થા ઊભી કરવી અને કૃષિને હવામાન પરિવર્તન માટે વધુ સક્ષમ બનાવવી જરૂરી છે. ચોમાસું કુદરતની ભેટ છે, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કરવો માનવ સમાજની જવાબદારી છે. ચોમાસું ભારતને માત્ર પાણી નથી આપતું; તે સમયબોધ, સંસ્કૃતિ, કૃષિ અને જીવનની લય પણ આપે છે. તે આપણને આશા અને જવાબદારી બંનેનો સંદેશ આપે છે. ધરતી હરિયાળી થાય ત્યારે આશા જન્મે છે, પરંતુ આ પાણીનું સંરક્ષણ કરવું આપણી ફરજ છે. ચાતુર્માસની પરંપરા આપણને યાદ અપાવે છે કે ભારતીય સંસ્કૃતિની સાચી શક્તિ કુદરતથી અલગ થવામાં નહીં, પરંતુ તેની સાથે તાલમેલ સાધવામાં છે. બદલાતા હવામાનના યુગમાં આ જ વિચાર ટકાઉ ભવિષ્યનો માર્ગ બતાવી શકે છે. વર્તમાન સમયમાં પણ વર્ષાઋતુનો આનંદ યથાવત છે અને કુદરત તથા માનવજીવન વચ્ચેનો આ અતૂટ સંબંધ ભવિષ્યમાં પણ જળવાઈ રહે તે માટે સંરક્ષણ અને સમજદારી જરૂરી છે.

**ભારતને સમજવું હોય તો તેના ચોમાસાને સમજવું પડે. અહીં વરસાદ માત્ર કુદરતી ઘટના નથી, પણ જીવનની ગતિને ઘડનારું તત્વ છે. ખેતી, નદીઓ, તહેવારો, લોકસાહિત્ય, સંગીત અને સામાજિક વ્યવહાર - આ બધાની પાછળ ચોમાસાનું કેન્દ્રિય સ્થાન છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૭૫ | ૧૯૮૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૪ |
| જુવાર સફેદ | ૧૦૮૦ | ૧૨૬૦ |
| જુવાર લાલ | ૧૧૧૮ | ૧૨૬૪ |
| જુવાર પીળી | ૪૬૦ | ૫૨૦ |
| બાજરી | ૩૦૨ | ૪૪૬ |
| તુવેર | ૧૧૨૫ | ૧૬૦૫ |
| ચણા પીળા | ૧૦૦૫ | ૧૨૪૮ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૭૯૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૮૩૬ |
| મગ | ૧૧૦૦ | ૧૬૧૨ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૧૧૨ |
| ચોળી | ૧૦૪૦ | ૧૪૯૦ |
| વટાણા | ૫૭૦ | ૮૧૩ |
| કળથી | ૫૦૦ | ૫૭૫ |
| રાજમા | ૧૬૦૦ | ૧૯૮૨ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૯૦ |
| મગફળી જાડી | ૧૩૦૫ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૨૫ |
| તલી | ૨૦૦૦ | ૨૩૯૧ |
| એરંડા | ૧૩૬૬ | ૧૪૩૬ |
| અજમો | ૧૪૫૧ | ૨૯૨૧ |
| સુવા | ૧૦૫૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૧૧૭૦ | ૧૨૭૦ |
| સીંગફાડા | ૧૩૭૦ | ૧૭૯૦ |
| કાળા તલ | ૨૨૯૫ | ૩૬૦૦ |
| લસણ | ૧૧૦૮ | ૨૩૫૦ |
| ધાણા | ૨૭૮૦ | ૩૦૦૦ |
| ધાણી | ૨૮૫૦ | ૩૦૨૦ |
| વરીયાળી | ૧૩૬૦ | ૨૧૩૬ |
| જીરૂ | ૩૫૭૦ | ૩૮૬૧ |
| રાય | ૧૩૫૦ | ૧૮૯૬ |
| મેથી | ૮૬૦ | ૧૭૫૦ |
| ઇસબગુલ | ૧૦૧૦ | ૧૫૫૧ |
| કલોંજી | ૩૩૦૦ | ૩૫૮૦ |
| રાયડો | ૧૨૨૦ | ૧૫૧૪ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૮૬૦ |
| ગુવારનું બી | ૧૦૪૦ | ૧૧૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૧૧ | ૧૦૨૪ |
| પપૈયા | ૧૯૩ | ૪૧૧ |
| બટેટા | ૮૮ | ૨૯૭ |
| ડુંગળી સુકી | ૩૬૫ | ૭૬૫ |
| ટમેટા | ૨૪૧ | ૪૧૨ |
| સુરણ | ૮૫૩ | ૧૦૨૬ |
| કોથમરી | ૧૮૬ | ૩૯૭ |
| મુળા | ૪૧૧ | ૬૧૪ |
| રીંગણા | ૪૯૫ | ૧૦૧૩ |
| કોબીજ | ૨૮૬ | ૪૩૨ |
| ફ્લાવર | ૬૦૫ | ૮૧૩ |
| ભીંડો | ૫૯૨ | ૮૦૩ |
| ગુવાર | ૧૨૧૮ | ૧૮૩૭ |
| ચોળાસીંગ | ૬૦૧ | ૧૦૨૬ |
| વાલોળ | ૭૮૫ | ૧૨૧૫ |
| ટીંડોળા | ૫૫૨ | ૯૬૧ |
| દુધી | ૨૭૬ | ૪૬૬ |
| કારેલા | ૩૧૪ | ૪૯૦ |
| સરગવો | ૬૮૯ | ૧૨૭૭ |
| તુરીયા | ૬૧૩ | ૧૧૮૨ |
| પરવર | ૭૯૧ | ૧૦૨૧ |
| કાકડી | ૩૦૬ | ૫૧૪ |
| ગાજર | ૩૪૩ | ૫૧૧ |
| વટાણા | ૧૯૮૮ | ૩૦૨૧ |
| કંટોળા | ૨૦૨૨ | ૨૪૩૧ |
| ગલકા | ૨૧૬ | ૩૫૩ |
| બીટ | ૩૧૫ | ૫૨૧ |
| મેથી | ૫૭૧ | ૭૬૮ |
| વાલ | ૧૦૨૩ | ૧૨૯૦ |
| ડુંગળી લીલી | ૫૧૨ | ૭૮૩ |
| આદુ | ૧૨૨૧ | ૨૯૫૬ |
| મરચા લીલા | ૪૧૨ | ૬૨૩ |
| મગફળી લીલી | ૪૨૫ | ૮૪૧ |
| મકાઇ લીલી | ૨૦૬ | ૪૦૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૪૧ | ૧૯૮૧ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૭૦૧ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૦૬ |
| સિંગદાણા જાડા | ૧૨૦૧ | ૧૮૯૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૧ | ૧૭૩૧ |
| એરંડા / એરંડી | ૧૩૦૧ | ૧૪૧૬ |
| તલ લાલ | ૨૪૪૧ | ૨૪૪૧ |
| જીરૂ | ૨૪૫૧ | ૩૯૪૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૧૪૧ |
| અડદ | ૭૨૬ | ૧૭૫૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૬૧ |
| રાયડો | ૧૪૦૦ | ૧૪૦૦ |
| રાય | ૧૩૦૧ | ૧૩૦૧ |
| મેથી | ૧૦૩૧ | ૧૩૧૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૦૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૪૫૧ |
| ધાણી | ૨૭૦૧ | ૩૨૫૧ |
| બાજરો | ૩૪૧ | ૪૫૧ |
| જુવાર | ૭૦૧ | ૧૧૮૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૦૧ |
| મગ | ૭૭૬ | ૧૬૭૧ |
| વાલ | ૩૨૧ | ૧૧૯૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૨૯૧ |
| કળથી | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ગોગળી | ૭૨૬ | ૧૩૫૦ |
| વટાણા | ૩૯૧ | ૬૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૨૬૦૦ |
| કોબી | ૧૮૦ | ૫૨૦ |
| દુધી | ૮૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૮૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૧૫ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૪ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| ચૂરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કંટોલા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૪ |
| બીટ પુરા | ૧૫ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૮૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૪૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૨૧૭૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૧૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૬૦૦ |
| તલ કાશમીરી | ૨૨૨૫ | ૨૩૫૦ |
| બાજરો | ૩૩૦ | ૩૩૦ |
| જુવાર | ૫૫૫ | ૧૧૬૦ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૧૫ | ૫૯૦ |
| ચણા | ૯૧૫ | ૧૨૬૫ |
| સફેદ ચણા | ૧૧૪૫ | ૧૧૭૫ |
| છોલે ચણા | ૧૪૫૦ | ૧૬૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૫૧૫ |
| કપાસ | ૮૫૦ | ૨૦૫૦ |
| એરંડા | ૧૧૮૫ | ૧૩૬૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૬૭૫ |
| રાય | ૧૬૭૦ | ૧૬૯૫ |
| ધાણી | ૨૭૧૦ | ૩૧૬૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૧૨૦ | ૧૨૪૦ |
| કાંગ | ૬૨૦ | ૬૨૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| રીંગણા | ૬૫૦ | ૯૮૦ |
| ફ્લાવર | ૯૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| શક્કરીયા | ૧૦૩૦ | ૧૨૨૦ |
| ટમેટાં | ૫૦૦ | ૫૫૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૫૦ |
| ગાજર | ૬૨૦ | ૭૩૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૫૦ |
| મૂળા | ૩૦૦ | ૩૫૦ |
| કાકડી | ૨૦૦ | ૬૩૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| શીંગઓળા | ૭૫૦ | ૮૫૦ |
| વટાણા | ૨૪૫૦ | ૩૦૫૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૪૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૧૪૦ | ૩૨૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૯૮૦ | ૧૧૫૦ |
| ટીંડોરા | ૧૦૨૦ | ૧૧૮૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૬૩૦ | ૭૫૦ |
| ડુંગળી સુકી | ૬૦૦ | ૬૪૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૨૬૫૦ |
| પાલક | ૫૫૦ | ૬૫૦ |
| લીંબુ | ૪૫૦ | ૬૯૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૩૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૧૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૩૮ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૪૪૧ |
| જીરૂ | ૩૬૨૧ | ૩૭૨૧ |
| કપાસ | ૧૫૧૧ | ૧૯૦૪ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૫ |
| બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| જુવાર | ૫૫૦ | ૧૧૬૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૫૨ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ધાણા | ---- | ૩૦૦૦ |
| **બગસરા** | | |
| કપાસ નવો | ૧૬૧૦ | ૧૬૪૫ |
| મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઘઉ લોકવન | ૪૮૬ | ૫૦૫ |
| ઘઉ ટુકડા | ૪૮૪ | ૪૮૪ |
| તુવેર | ૧૦૭૦ | ૧૨૬૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૧૦૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૯૨૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૨૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ધાણા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ચણા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| એરંડી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| લશણ | ૯૪૦ | ૯૪૦ |
| **બાબરા** | | |
| જીરૂ | ૩૫૪૦ | ૩૮૦૫ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૧૦ |
| ઘઉ | ૫૦૫ | ૫૩૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૭૬ |
| ઘઉં | ૪૬૫ | ૫૩૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૮૧ |
| તુવેર | ૭૦૧ | ૧૩૬૧ |
| શિંગફાડા | ૧૫૫૧ | ૧૫૫૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૨૩૧ |
| મેથી | ૧૧૨૬ | ૧૧૨૬ |
| જીરૂ | ૩૩૯૬ | ૩૩૯૬ |
| ધાણા | ૧૨૦૧ | ૨૭૯૬ |
| સોયાબીન | ૮૫૧ | ૧૧૯૧ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૩૫૪ | ૧૩૫૪ |
| શીંગ ૩૨ | ૧૧૪૮ | ૧૧૪૮ |
| શીંગ જી-૨૦ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૪૭૬ | ૧૨૩૨ |
| બાજરી | ૪૦૦ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૮૦ |
| અડદ | ૯૭૦ | ૯૭૦ |
| મગ | ૮૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૨૭૭૦ | ૨૭૭૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૦૨ |
| તલ સફેદ | ૧૪૦૧ | ૩૦૦૦ |
| તલ કાળા | ૧૭૬૮ | ૨૩૬૭ |
| તુવેર | ૫૦૦ | ૭૧૫ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૭૧૬ |
| ડુંગળી સફેદ | ૧૭૫ | ૪૫૦ |
| નાળીયેર | ૪૪૧ | ૩૧૪૭ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૧૭ |
| ઘઉં | ૪૫૦ | ૫૭૩ |
| જુવાર | ૯૫૫ | ૧૨૧૫ |
| અડદ | ૧૦૫૦ | ૧૭૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૨૪ |
| તલ સફેદ | ૧૮૧૦ | ૨૧૮૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૮૮ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૭૦૦ |
| કાંગ | ૪૫૦ | ૬૮૦ |
| રજકો | ૭૫૦૦ | ૯૬૨૫ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૭૦ | ૪૨૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૩ |
| તુવેર | ૫૦૦ | ૫૯૦ |
| ચણા | ૯૭૦ | ૧૨૭૮ |
| ચણા સફેદ | ૧૦૨૦ | ૧૪૯૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલી | ૧૬૯૦ | ૨૩૭૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૩૮૫ |
| લસણ | ૮૦૦ | ૨૦૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૫૫ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૭૦૦ |
| ડુંગળી નાસિક | ૪૬૦ | ૭૪૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૨૧૫૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૪૦ |
| વટાણા | ૪૫૦ | ૬૧૫ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૪૮૬ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૪૦૧ |
| બાજરો | ૪૧૧ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૩ |
| જુવાર | ૧૧૦૦ | ૧૨૨૫ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| રાય | ૧૫૦૦ | ૧૫૦૦ |
| શીંગદાણા | ૧૯૧૧ | ૧૯૧૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૬૦ | ૧૫૫૧ |
| ઘઉં | ૫૦૮ | ૫૨૪ |
| તુવેર | ૧૨૨૫ | ૧૩૮૦ |
| તલ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |

# શબ્દ સંજોગ-૨૨૫૨

**આડી ચાવી :**
(૧) વરસાદ આણે એવું એક અસ્ત્ર (૩)
(૩) કારતક સુદ ૫ (૫)
(૭) મનનો ભેદ, મર્મ (૨)
(૮) ફાયદો (૩)
(૯) ચેકમાં આ હોવી જરૂરી છે. (૨)
(૧૦) નિસબત, સંબંધ (આ-અ) (૪)
(૧૨) ભક્તિ કરનારૂં (૨)
(૧૩) પગથીયા વાળો કુવો (૨)
(૧૪) દિંગ, ચકિત (૨)
(૧૫) એક ગ્રહ (૩)
(૧૭) દરિયો (૩)
(૧૮) બારણું, દરવાજો (૨)
(૧૯) કોઈ જગ્યાએ અટક્યા વગરની મજલ (૫)
(૨૧) એક પંખી (૩)
(૨૨) પિતાના સાઢુંભાઈ (૨)
(૨૪) તાત્પર્ય, અભિપ્રાય (૨)
(૨૫) સારૂં, ખાસું (૨)
(૨૬) સબકા....એક (૩)
(૨૭) ખારાશવાળું તત્વ (૨)
(૨૮) બાજ (૨)

**ઉભી ચાવી :**
(૧) હાથી (૩)
(૨) આધારભૂત હોવું કે થવું તે (૩)
(૩) હસાવી ખેલાવી રાજી રાખવું તે (૨)
(૪) દરેક જન્મમાં (૪)
(૫) અતિભાવ - પ્રેમ (૨)
(૬) મારી.....ને આરે ઢોલ વાગે છે (૫)
(૮) આધાર, ટેકણ (૨)
(૧૧) ગોળાકાર, કુંડાળું (૩)
(૧૩) લાંબી લાબી વાત, ટાયલું (૩)
(૧૪) કુસ્તીની હરીફાઈ (૩)
(૧૫) ધીમું, ધીરૂં (૨)
(૧૬) ગરક, મશગુલ (૪)
(૧૭) સાધન સામગ્રી (૫)
(૧૯) પરવા, તમા (૪)
(૨૦) મમ્મી અંગ્રેજીમાં (૨)
(૨૩) શુભકર, સુખકર (૩)
(૨૪) સૂર્ય (૨)

# શબ્દ સંજોગ-૨૨૫૧ જવાબ

**આડી ચાવી :** (૧) છૂટકો (૩) અલબત (૫) ચમલ (૭) કમાલ (૯) ગોરસ (૧૦) ખાજા (૧૧) રાવલ (૧૩) સદર (૧૬) બળ (૧૭) દર્દ (૧૯) કુંવર (૨૧) દાન (૨૨) સુદ (૨૩) પાન (૨૪) બારસ (૨૫) અધર (૨૬) તરજુમો.
**ઉભી ચાવી :** (૧) છૂટક (૨) કોયલ (૩) અલગોમ (૪) બગસરા (૬) ડબલ (૮) માનદ (૧૨) વત્સ (૧૩) સદીકુ (૧૪) રબર (૧૫) સ્પંદન (૧૮) નદસ (સદન) (૨૦) વરાધ (૨૧) દાનત (૨૨) સુરમો (૨૪) બાજુ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખેડૂતોને કૃષિ સાધનો ખરીદીની સમયમર્યાદા વધારવા જનક તળાવીયા અને ભરત સુતરીયાની કૃષિમંત્રીને રજૂઆત

લાઠી,તા.૨૦



લાઠી-બાબરા-દામનગર વિધાનસભા વિસ્તારના ખેડૂતોને કૃષિ સાધનોની ખરીદી પર મળતી સરકારી સહાયનો સરળતાથી લાભ મળી રહે તે માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ રાજ્યના કૃષિમંત્રી સમક્ષ અરજી કરવાની સમયમર્યાદા લંબાવવા અંગે મહત્વપૂર્ણ રજૂઆત કરી છે. સહાય મેળવવા માટે હવે માત્ર ૧૦ દિવસ જેટલો જ સમય બાકી છે, પરંતુ સાધનો બનાવતી કંપનીઓ અને ડીલરો પાસે હાલ સ્ટોક ઉપલબ્ધ ન હોવાને કારણે ખેડૂતો સમયસર ખરીદી કરી શકતા નથી. ખેડૂતોની આ વાસ્તવિક મુશ્કેલીને ધ્યાને લઈ, તેમની ભૂલ વિના સહાયથી વંચિત રહેવું ન પડે તે માટે મુદતમાં યોગ્ય વધારો કરવા માંગ કરવામાં આવી છે. સ્થાનિક આગેવાનો પી.ડી. કોઠીવાળ, નિકુંજભાઈ કોટડીયા અને અન્ય કાર્યકર્તાઓની રજૂઆત બાદ ધારાસભ્ય અને સાંસદે કૃષિમંત્રીને સહાનુભૂતિપૂર્વક સમયમર્યાદા વધારવા અપીલ કરી છે, જેથી તમામ બાકી ખેડૂતો આ યોજનાનો પૂરો લાભ મેળવી શકે.

# કુંકાવાવ તાલુકામાં રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ કર્યા નવા નીરના વધામણા

અમરેલી,તા.૨૦



કુંકાવાવ તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા દરમિયાન જળાશયોમાં નવા નીરની આવક થતાં રાજ્યના ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ હર્ષોલ્લાસ સાથે જળપૂજન કરી નવા નીરના વધામણા કર્યા હતા.ચાલુ વર્ષે ઉનાળા દરમિયાન રાજ્યમંત્રીની દૂરંદેશીથી કુંકાવાવ તાલુકાના કોલડા, નવા ઉજળા, મોટી કુંકાવાવ, નાજાપુર, રામપુર અને તોરી સહિતના ૬ ગામોમાં તળાવો ઊંડા ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરિણામે, વર્તમાન ચોમાસામાં જળસંગ્રહ ક્ષમતા વધતા આ તળાવોમાં વિપુલ પ્રમાણમાં પાણીનો સંગ્રહ થયો છે.મંત્રીએ જણાવ્યું હતું કે, જળાશયોમાં વરસાદી જળસંગ્રહથી આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે, જેનાથી કૂવા અને બોરવેલમાં પાણીની અછત દૂર થશે. આ જળસંચયથી શિયાળુ અને ઉનાળુ પાક માટે પૂરતું સિંચાઈ જળ મળી રહેશે, જે કૃષિ ઉત્પાદન અને ખેડૂતોની આવક વધારીને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવશે. આ પ્રસંગે પંચાયતના હોદ્દેદારો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા તાલુકાના આંબા ગામે ખાણ-ખનીજ વિભાગના દરોડા

લીલીયા, તા.૨૦



લીલીયા તાલુકાના આંબા ગામે બિનઅધિકૃત ખનન અને ખનીજ પરિવહન સામે ખાણ-ખનીજ વિભાગે કાર્યવાહી કરી હતી. વિભાગની ટીમે અચાનક દરોડો પાડી ગેરકાયદેસર પ્રવૃત્તિ ઝડપી પાડી હતી. દરોડા દરમિયાન સ્થળ પરથી ખનીજનું બિનઅધિકૃત પરિવહન કરતા બે ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. બંને ડમ્પર સહિત કુલ રૂ.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. કાર્યવાહીથી ગેરકાયદેસર ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. વિભાગે નિયમ મુજબ વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કૃષિમંત્રી જીતુ વાઘાણીએ પરિવાર સાથે સોમનાથ મંદિરે પૂજા કરી

કોડીનાર,તા.૨૦



શ્રાવણ માસના પવિત્ર અવસરે કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ સપરિવાર સોમનાથ મંદિરે પૂજા-અર્ચના કરી હતી. તેમણે 'સોમનાથ સ્વાભિમાન પર્વ વિશેષ મહાપૂજા' કરી મહાદેવને પંચામૃત અને ગંગાજળ અર્પણ કર્યું હતું. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજા બાદ ધ્વજારોહણ કર્યું હતું. દર્શનાર્થીઓ સાથે 'હર હર મહાદેવ'નો નાદ લગાવી સરદાર પટેલની પ્રતિમાને સ્મૃતિવંદન કર્યું હતું. બાદમાં ટ્રસ્ટની ગૌશાળામાં ગૌપૂજન કરી ગૌસેવકોની કામગીરીને બિરદાવી હતી.

# ગોંડલના ગરનાળા ગામે ૭૦ ફૂટ ઊંડા કૂવામાં ફસાયેલ નીલગાયનું ૨૦ મિનિટમાં રેસ્ક્યુ

ગોંડલ,તા.૨૦



ગોંડલ તાલુકાના ગરનાળા ગામે જલગંગા ફાર્મ પર મનુ વિરપરિયાની વાડીમાં આવેલા ૭૦ ફૂટ ઊંડા કૂવામાં નીલગાય પડી જતા અફરાતફરી મચી હતી. કૂવામાં અંદાજે ૪૦ ફૂટ જેટલું પાણી ભરાયેલ હોવાથી નીલગાયનો જીવ જોખમમાં મુકાયો હતો. ઘટનાની જાણ થતાં ગોંડલ રેન્જ આર.એફ.ઓ. એ.એ. માંગાણીના માર્ગદર્શન હેઠળ વન વિભાગની ટીમ સ્થળે પહોંચી હતી. રાઉન્ડ ફોરેસ્ટ પ્રતિપાલસિંહ ચુડાસમાં, વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ ટ્રેકર માધવ વ્યાસ સહિતના સ્ટાફે દોરડા અને નેટની મદદથી બચાવ કામગીરી હાથ ધરી હતી. ટીમે માત્ર ૨૦ મિનિટમાં નીલગાયને સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢી તેનો જીવ બચાવ્યો હતો.

# ૭૦મી અખિલ ભારતીય શાળાકીય હેન્ડબોલ સ્પર્ધામાં કોડીનારની બંને ટીમો પ્રથમ

ગીર સોમનાથ,તા.૨૦



તસવીર : ધર્મેશ પાઠક

ગીર સોમનાથ જિલ્લાના પ્રાચી મુકામે આવેલી કે. કે. મોરી હાઈસ્કૂલ ખાતે ૭૦મી અખિલ ભારતીય શાળાકીય રમતો અંતર્ગત જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કોડીનાર નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની અંડર-૧૭ અને અંડર-૧૯ બંને ટીમોએ શાનદાર પ્રદર્શન કરી પ્રથમ ક્રમ મેળવ્યો હતો. બંને ટીમો હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# જાફરાબાદ સરકારી કોલેજના વિદ્યાર્થીઓની શાનદાર સિદ્ધિ: ક્રોસકન્ટ્રી સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ

જાફરાબાદ,તા.૨૦



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા દોશી કોલેજ, વાંકાનેર ખાતે આયોજિત આંતર-કોલેજ ક્રોસકન્ટ્રી સ્પર્ધામાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાફરાબાદના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કરીને યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. કોલેજના આચાર્ય ડો. વિરલકુમાર શીલુ તથા સ્પોર્ટ્સ કો-ઓર્ડીનેટર સતીષ એ. મેઘાણીના માર્ગદર્શન હેઠળ છ વિદ્યાર્થીઓએ આ ૧૦ કિલોમીટરની દોડ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત, કોલેજના ફ.રૂ.B.A.ના વિદ્યાર્થી સોલંકી રોહિત ટીહાભાઈ અને મકવાણા જગદીશ નારણભાઈએ વ્યક્તિગત સ્તરે પણ ઉત્કૃષ્ટ દેખાવ કરીને પ્રતિભા દર્શાવી હતી. તેમના આ નોંધપાત્ર પ્રદર્શનને પગલે બંને વિદ્યાર્થીઓની નેશનલ કક્ષાની ક્રોસકન્ટ્રી સ્પર્ધા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની ટીમમાં પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની આ સફળતા બદલ કોલેજ પરિવાર દ્વારા તેમને અભિનંદન અને આગામી રાષ્ટ્રીય સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# ઉનામાં ૭૦મી જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધા યોજાઈ

ઉના,તા.૨૦



તસવીર : કૈલેશ ભટ્ટ

ઉનાના સામતેર હાઈસ્કૂલ ખાતે ૭૦મી શાળાકીય SGFI જિલ્લા કક્ષાની ખો-ખો બહેનોની સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં જિલ્લાની વિવિધ શાળાઓની ૧૪૪ દીકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંડર-૧૭માં ઉનાની ટીમ પ્રથમ અને ગીર ગઢડાની ટીમ દ્વિતીય રહી હતી. અંડર-૧૯માં ગીર ગઢડા પ્રથમ અને વેરાવળની ટીમ દ્વિતીય રહી હતી. વિજેતા ટીમો રાજ્યકક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. સ્પર્ધાની સફળતા માટે શાળાના આચાર્ય, શિક્ષકો અને રમતગમત શિક્ષક રાઠોડ સાહેબે વ્યવસ્થા સંભાળી હતી.

## :: જાહેર નોટીસ ::

આથી અમો મનોહરસિંહ અનોપસિંહજી ગોહિલ, રહે.એ.કે.હાઉસ મોનાર્ક, સંઘવી શેરી, ખોખા ડાંગરના ચોરા પાસે, લાઠી, જી.અમરેલી. વાળાએ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે, અમોએ અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના કરકોલીયા ગામે આવેલ ખેતીની જમીન જેનો (૧) રે.સ.નં.૩૩૬, (જુનો રે.સ.નં.૧૪૦ પૈકી ૧), હે.આરે. ૦-૮૯-૦૧, વાળી ખેતીની જમીન જેના હાલના માલીક નાગજીભાઈ ધનશ્યામભાઈ કાકડીયાની પાસેથી વેચાણ રાખવાનુ નકકી કરેલ છે. તથા (૨) રે.સ.નં.૩૩૫/ પૈકી ૧, (જુનો રે.સ.નં.૧૩૮ પૈકી ૧), હે.આરે. ૦-૪૪-૭૧, વાળી ખેતીની જમીન જેના હાલના માલીક મગનભાઈ રામભાઈ કાકડીયાની પાસેથી વેચાણ રાખવાનુ નકકી કરેલ છે. અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં અમો ખરીદનારની તરફેણના વેચાણ દસ્તાવેજો ટુંક સમયમાં નોંધાવવાના હોય તેથી આ જાહેર નોટીસથી અમો જાહેર કરીએ છીએ કે ઉપરોકત જમીનોના હાલના માલીકો દ્વારા અમોને તેઓએ સદરહુ જમીન સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ કલીયર હોવાનુ જણાવે છે, આમ છતા ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત,સંસ્થા,પેઢી,કંપની, એસોસીએશન, બેન્ક,નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક,હિસ્સો,લાગભાગ,બાનાખત, સાટાખત,મોં બદલાના કરાર, કે પૈસાની લેતી-દેતી અંગેનો કરાર કે અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણનો હકક ધરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૦૭માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામા ઉપર રજીસ્ટર એડી. પોસ્ટ મારફત અમોને જાણ કરવી અને જો તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે કોઈ વાંધાઓ નહી આવે તો આ જમીન સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેવુ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા નથી અને આવેલા હોય તો તેઓએ જતા કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે, તેવુ સમજીને દસ્તાવેજ અંગેની કાર્યવાહી અમો ખરીદનાર પુર્ણ કરવાને હકકદાર છે. અને તે પછી ભવિષ્યે પણ આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર રજુ કરશે અથવા ઉભા કરશે તો તેવા વાંધાઓ, તકરાર અમો ખરીદનારને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવીએ છીએ.

મનોહરસિંહ અનોપસિંહજી ગોહિલ
રહે.એ.કે.હાઉસ મોનાર્ક, સંઘવી શેરી, ખોખા
ડાંગરના ચોરા પાસે, લાઠી, જી.અમરેલી.,
મો.નં.૯૪૨૯૨ ૨૦૫૦૫.

**નોટીસ પ્રસિધ્ધ કરનાર**
**સહી**
**(મનોહરસિંહ અનોપસિંહજી ગોહિલ)**

# ટીમાણાથી દ્વારકા સુધી ભવ્ય પગપાળા સંઘનું આયોજન

કુંઢેલી,તા.૨૦



તળાજા તાલુકાના ટીમાણા ગામથી સોમનાથ અને ત્યારબાદ દ્વારકા સુધીના ભવ્ય પગપાળા સંઘનું વર્ષ ૨૦૦૧થી દર વર્ષે આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૭૫ જેટલા શ્રધ્ધાળુ ભાઈ-બહેનોએ ઉત્સાહભેર યાત્રામાં જોડાયા છે. યાત્રા દરમિયાન બગદાણા, તુલસીશ્યામ, સોમનાથ, ભાલકા તીર્થ, માધવપુર, પોરબંદર, નાગેશ્વર, બેટ દ્વારકા સહિતના પવિત્ર સ્થળોના દર્શન કરવામાં આવશે. પદયાત્રીઓ માટે ચા-નાસ્તો, બે સમયનું ભોજન અને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રધ્ધાળુઓ ભક્તિભાવ સાથે ૧૨ દિવસની પગપાળા યાત્રા પૂર્ણ કરી દ્વારકાધીશના દર્શનનો લાભ લેશે.

# અમદાવાદમાં SGVP અને પરમાર્થ નિકેતન દ્વારા દિવ્યાંગ સેવા યજ્ઞનું આયોજન

અમદાવાદ,તા.૨૦



અમદાવાદમાં SGVP હોલિસ્ટિક હોસ્પિટલ અને પરમાર્થ નિકેતનના સંયુક્ત આયોજન તેમજ મહાવીર સેવા સદનના સહયોગથી 'જ્ઞાનસત્ર ૫૦' અંતર્ગત 'દિવ્યાંગ સેવા યજ્ઞ-૪' યોજાયો હતો. કાર્યક્રમમાં ૧૦૦થી વધુ દિવ્યાંગ ભાઈ-બહેનોને નિઃશુલ્ક કૃત્રિમ હાથ-પગ આપવામાં આવ્યા હતા. આ સેવા થકી દિવ્યાંગોને આત્મનિર્ભર બનવાની નવી આશા મળી હતી. SGVP દ્વારા અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ દિવ્યાંગ દર્દીઓને કૃત્રિમ અંગોની સહાય આપવામાં આવી છે. કાર્યક્રમ અંતર્ગત રક્તદાન કેમ્પમાં ૩૨૫ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જ્યારે નિઃશુલ્ક નિદાન કેમ્પમાં ૨૦૦થી વધુ દર્દીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ SGVP કેમ્પસના પ્રમુખ પ.પૂ. ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી અને પરમાર્થ નિકેતનના પ્રમુખ પ.પૂ. સ્વામી ચિદાનંદ સરસ્વતીજી મહારાજની પ્રેરણાથી યોજાયો હતો. સંસ્થાનો હેતુ દિવ્યાંગોને સમાજમાં સન્માન અને સમાન તક આપવાનો છે.

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં. ૧૯૮/૨૦૨૬

અરજદારશ્રી :- બાંભણીયા સુખાભાઈ સોમાતભાઈ
સરનામું :- રે.મીતીયાળા તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-મીતીયાળા
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના મીતીયાળા ગામના શ્રી બાંભણીયા સુખાભાઈ સોમાતભાઈ એ તેમના પુત્ર નામે શ્રી નરેશભાઈ સુખાભાઈ બાંભણીયા નો તા.૨૬/૦૧/૨૦૦૬ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.આર.મહીડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૮૯/૨૦૨૬

અરજદારશ્રી :- બ્લોચ રસીદાબેન ઝુમેખાન
સરનામું :- રે.કડીયાળી તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-કડીયાળી
તા. જાફરાબાદ, જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામના શ્રી બ્લોચ રસીદાબેન ઝુમેખાન એ તેમના પુત્રી નામે શ્રી રેશમા જુમેખાન બ્લોચ નો તા.૦૧/૦૬/૨૦૦૭ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.આર.મહીડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને-૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૨૨૦/૨૦૨૬

અરજદાર: ભાનુબેન જકસનભાઈ બાળઘીયા
સરનામુ: રે. શિયાળબેટ તા. જાફરાબાદ જી. અમરેલી
**વિરૂધ્ધ**
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારી
તલાટી કમ મંત્રીશ્રી-શિયાળબેટ
તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના શ્રી ભાનુબેન જકશનભાઈ બાળઘીયા એ તેમના પુત્રી નામે દેવીબેન જકસનભાઈ બાળધીયા નો જન્મ તા.૧૫/૧૦/૨૦૦૪ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.એન.ખટાણા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬**
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં. ૧૫૩/૨૦૨૬

અરજદાર: બારૈયા નારણભાઈ સામતભાઈ
સરનામુ: રે.ઘોળાદ્રી તા.જાફરાબાદ જી.અમરેલી
**વિરૂધ્ધ**
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારી
તલાટી કમ મંત્રીશ્રી-ઘોળાદ્રી
તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ઘોળાદ્રી ગામના શ્રી બારૈયા નારણભાઈ સામતભાઈ એ તેમના માતા નામે શ્રી બારૈયા રાજીબેન સામતભાઈ નું તા.૨૩/૦૧/૨૦૧૩ નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.જે.બાળઘિયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૨ માહે જુન સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૨/૦૬/૨૦૨૬**
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**દેશી દારૂનો ધંધો ફરી શરૂ કરવા દબાણ કરી રૂ.૧૦ હજારની લાંચ માંગી હતી**

# સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનનો ASI રૂ.૫ હજારની લાંચ લેતા ઝડપાયો

અમરેલી, તા.૨૦

ભાવનગર જિલ્લામાં દારૂકાંડમાં લોકોનાં મોત વચ્ચે અમરેલી જિલ્લામાં પોલીસ કર્મચારી દ્વારા દેશી દારૂનો ધંધો શરૂ કરવા દબાણ કરી લાંચ માગ્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. અમરેલી એસીબીની ટીમે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ શ્યામભાઈ અનંતરાય બગડાને રૂ.૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ બનાવને પગલે જિલ્લા પોલીસ બેડામાં સન્નાટો વ્યાપી ગયો છે.



એસીબીના જણાવ્યા મુજબ, ફરિયાદી અગાઉ દેશી દારૂનો ધંધો કરતા હતા, પરંતુ હાલ આ ધંધો બંધ કરી દીધો હતો. તેમ છતાં આરોપી એએસઆઈ શ્યામ બગડાએ ફરિયાદીને ફરીથી દેશી દારૂનો ધંધો શરૂ કરવા દબાણ કર્યું હતું. ધંધો શરૂ નહીં કરે તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

આરોપીએ દારૂનો ધંધો ફરી શરૂ કરવાના બદલામાં રૂ.૧૦ હજારની લાંચ માગી હતી. જોકે, રકઝકના અંતે રૂ.૫ હજાર આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કરી અમરેલી એસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે એસીબીની ટીમે ગુરુવારે છટકું ગોઠવ્યું હતું. ઓળીયા ગામની સીમમાં ઝવેરભાઈ પટેલની વાડીના ઝાંપા પાસે, નેસડી જવાના કાચા માર્ગ પર એએસઆઈ શ્યામ બગડાએ ફરિયાદી પાસેથી રૂ.૫ હજારની લાંચ સ્વીકારતાં જ એસીબીની ટીમે તેમને ઝડપી પાડ્યા હતા.

આ કાર્યવાહી અમરેલી એસીબી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ટી.એસ. રિઝવી તથા એસીબી સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યભરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સઘન કાર્યવાહી: ૧૮૭ રેસ્ટોરન્ટમાં દરોડા, ૬ સીલ

અમદાવાદ,તા.૨૦

શ્રાવણ માસના તહેવારોને ધ્યાનમાં રાખીને નાગરિકોના આરોગ્યની જાળવણી માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચનાથી ૧૮૭ રેસ્ટોરન્ટ્સમાં સરપ્રાઈઝ ચેકિંગ કરાયું હતું. જેમાંથી અસ્વચ્છતા જણાતા ૧૩૭ રેસ્ટોરન્ટ્સને બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. નિયમોના ઉલ્લંઘન બદલ રાજકોટ અને નડિયાદની ૬ રેસ્ટોરન્ટ્સ સીલ કરાઈ છે, જ્યારે ૪૦ને નોટિસ આપી ૪ ના લાઈસન્સ સસ્પેન્ડ કરાયા છે. ઉપરાંત, સુરતમાં ૨૦૯ હોટેલ-રેસ્ટોરન્ટ અને ૩૪ ઢાબાની તપાસ કરી ૫૪૮ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરાયો હતો. આ દરમિયાન ૧૨૮ એકમોને નોટિસ પાઠવી રૂ. ૪.૪૩ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો હતો.



# કોલકાતા હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો: ઋતાબ્રત બેનર્જી વિપક્ષના નેતા રહેશે

કોલકતા,તા.૨૦

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતાની નિમણૂક અંગેના વિવાદમાં કોલકાતા હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે ઋતાબ્રત બેનર્જી હાલ પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે ચાલુ રહેશે.

હાઈકોર્ટે સ્પીકરના નિર્ણયને વચગાળાનું પગલું ગણાવ્યું છે અને આ નિમણૂકને પડકારતી તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય શોભનદેવ ચટ્ટોપાધ્યાયની અરજી પર સિંગલ બેન્ચને બે મહિનામાં આખરી નિર્ણય લેવા નિર્દેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, ટીએમસીના બળવાખોર જૂથના દાવાને ગ્રાહ્ય રાખીને સ્પીકરે ઋતાબ્રત બેનર્જીને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપી હતી, જેને મમતા બેનર્જી છાવણી દ્વારા કોર્ટમાં પડકારવામાં આવી હતી.

# અમિત શાહના કોંગ્રેસ પર પ્રહાર, 'તુષ્ટિકરણ માટે ૧૯૩૭માં વંદે માતરમ ગીતને બે ભાગમાં વહેંચ્યું'

નવી દિલ્હી, તા.૨૦

વંદે માતરમના ગાનને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસે ૧૯૩૭માં તુષ્ટિકરણની નીતિ હેઠળ વંદે માતરમને બે ભાગમાં વહેંચીને દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો. કોંગ્રેસે પોતાના કાર્યક્રમોમાં વંદે માતરમના માત્ર પ્રથમ બે શ્લોક ગાવાનો નિર્ણય કર્યો છે. અમિત શાહે જણાવ્યું કે વંદે માતરમના ૧૫૦મા વર્ષમાં કેન્દ્ર સરકારે ઐતિહાસિક ભૂલ સુધારવાનો પ્રયાસ કર્યો છે અને સરકારી કાર્યક્રમોમાં સંપૂર્ણ ગીત ગાવાનો નિર્ણય લીધો છે. તેમણે કોંગ્રેસના નિર્ણયને તુષ્ટિકરણની રાજનીતિ ગણાવી તેની ટીકા કરી હતી. શાહે લોકોને કોંગ્રેસના નિર્ણય સામે એક થવાની અપીલ કરી હતી. ભાજપે પણ કોંગ્રેસના નિર્ણયની સખત નિંદા કરી છે. દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદે પણ કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. વીએચપીના પ્રવક્તા વિનોદ બંસલે આક્ષેપ કર્યો કે બાકીના શ્લોકોમાં ભારતીય સંસ્કૃતિ, અને રાષ્ટ્રીય ભાવના સાથે જોડાયેલા શબ્દો હોવાથી કોંગ્રેસે તેને ન ગાવાનો નિર્ણય લીધો છે.



# આજે અમરેલી તાલુકા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરાશે






અમરેલી,તા.૨૦

અમરેલીમાં નવા તાલુકા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમ ૨૧ ઓગસ્ટ ૨૦૨૬, શુક્રવારે બપોરે ૩:૦૦ વાગ્યે તાલુકા પોલીસ સ્ટેશનની બાજુમાં, અમરેલી ખાતે યોજાશે. આ નવું ભવન નિર્માણ પામવાથી સ્થાનિક વહીવટી કામગીરી વધુ ઝડપી બનશે અને ગ્રામજનોને વિવિધ સરકારી સેવાઓ સરળતાથી પ્રાપ્ત થશે.

# દેશમાં દશકા પછી ૧૦ લાખ ટન વિદેશી ખાંડ આયાત કરવાની તૈયારી

નવી દિલ્હી,તા.૨૦

દેશમાં ખાંડના વધતા ભાવને કાબૂમાં લેવા અને પુરવઠો જાળવી રાખવા માટે કેન્દ્ર સરકાર શૂન્ય આયાત ડ્યુટી પર આશરે ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાત કરવાની તૈયારી કરી રહી છે. ભારતે આ અગાઉ વર્ષ ૨૦૧૬-૧૭ની સીઝનમાં કાચી ખાંડની આયાત કરી હતી. તહેવારોની મોસમ પહેલાં મહારાષ્ટ્રમાં ખાંડના એક્સ-મિલ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ.૫,૪૦૦થી રૂ.૫,૫૬૦ સુધી પહોંચી ગયા છે.



વર્ષ ૨૦૨૫-૨૬ની સીઝનમાં દેશમાં ખાંડનો વપરાશ ઉત્પાદન કરતાં વધી ગયો છે. ઈથેનોલ ઉત્પાદન બાદ વાસ્તવિક ખાંડનું ઉત્પાદન ૨૭.૯ મિલિયન ટન રહ્યું છે, જ્યારે દેશમાં વાર્ષિક વપરાશ ૨૮ મિલિયન ટન થવાનો અંદાજ છે. અગાઉ ૮ લાખ ટન ખાંડની નિકાસ થઈ ચૂકી હોવાથી સ્ટોક ઘટીને ૩.૫ થી ૩.૯ મિલિયન ટન થઈ ગયો છે. આયાતના સમાચારથી આંતરરાષ્ટ્રીય બજારમાં પણ કાચી ખાંડનો ભાવ ૧૪ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો છે.

# પીએમ મોદી સહિત દેશના નેતાઓએ પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી

નવી દિલ્હી,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશના અગ્રણી નેતાઓએ ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વડાપ્રધાન મોદી તેમજ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને દેશની વિકાસ યાત્રામાં રાજીવ ગાંધીના યોગદાનને યાદ કર્યું હતું.




આ પ્રસંગે કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ દિલ્હી સ્થિત 'વીર ભૂમિ' પહોંચીને પિતા રાજીવ ગાંધીની સમાધિ પર પુષ્પાંજલિ અર્પિત કરી હતી. રાહુલ ગાંધીએ ભાવુક પોસ્ટ શેર કરતાં લખ્યું કે, 'પપ્પા, તમારા ઉપદેશો મારી શક્તિ છે અને તમારા સપનાના ભારતનું નિર્માણ કરવાનો સંકલ્પ મને હંમેશા માર્ગદર્શન આપશે.' કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમને 'સદ્ભાવના દિવસ' પર યાદ કરતાં જણાવ્યું હતું કે, રાજીવ ગાંધી એક સ્વપ્નદ્રષ્ટા નેતા હતા જેમણે ૨૧મી સદીની ટેકનોલોજી અને યુવા શક્તિ પર ભરોસો મૂકી ભારતને આધુનિક દિશા આપી હતી.

# સીએમ ભૂપેન્દ્ર પટેલ અને વોલમાર્ટના ઈવીપી ડેન બ્રાયન્ટ વચ્ચે ગાંધીનગરમાં બેઠક

ગાંધીનગર,તા.૨૦

યુએસ પ્રવાસે પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વોશિંગટન ડી.સી. ખાતે વોલમાર્ટના ઈવીપી ડેન બ્રાયન્ટ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાતના એમએસએમઈ (MSME) સેક્ટર અને નાના કારીગરોને વૈશ્વિક બજાર પૂરું પાડવા અંગે ગંભીર મંથન કરાયું હતું. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૭ દરમિયાન આ અંગે રોડમેપ જાહેર કરાશે. વોલમાર્ટે ૨૦૨૮ સુધીમાં ૧.૭૦ લાખ એમએસએમઈ એકમોને તાલીમ આપવાનો લક્ષ્યાંક વ્યક્ત કર્યો હતો.



# 'પીએમ મોદીનું શાસન અંતિમ તબક્કામાં, ઉત્તરાધિકારીની શોધ શરૂ': રાહુલ ગાંધી

નવી દિલ્હી,તા.૨૦

નવી દિલ્હીમાં ઈન્દિરા ભવન ખાતે યોજાયેલી કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC)ની બેઠકમાં લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સરકાર પર આક્રમક પ્રહારો કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું શાસન તેના 'અંતિમ તબક્કા'માં છે અને હવે તેમના ઉત્તરાધિકારીની શોધ શરૂ થઈ ગઈ છે. તેમણે કોંગ્રેસી નેતાઓને સરકાર સામે વધુ આક્રમક વલણ અપનાવવા આહ્વાન કર્યું હતું. બેઠકમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો હતો કે છેલ્લા ૧૨ વર્ષમાં મોદી સરકારે દેશના યુવાનોનું ભવિષ્ય બગાડ્યું છે અને હજારો શાળાઓ બંધ કરી દીધી છે. આ ઉપરાંત તેમણે રામ મંદિર ટ્રસ્ટને મળેલા દાનના હિસાબ અને સરહદ પર ચીની ઘૂસણખોરી અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા.

# કેન્યામાં હેલિકોપ્ટર ક્રેશ થતા ૫ અમેરિકન નાગરિકો સહિત ૭ લોકોના મોત નિપજ્યા

સામ્બુરુ,તા.૨૦

ઉત્તર કેન્યાના દૂરના વિસ્તારમાં બુધવારે સવારે એક હેલિકોપ્ટર ક્રેશ થતાં પાંચ અમેરિકન નાગરિકો સહિત તમામ સાત લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. કેન્યા સિવિલ એવિએશન ઓથોરિટીના જણાવ્યા અનુસાર, હેલિકોપ્ટરે સવારે ૯:૧૩ વાગ્યે લોઈસાબાથી સંબુરુ કાઉન્ટી માટે ઉડાન ભરી હતી તે દરમિયાન માઉન્ટ ઓલોલોકવેની તળેટી નજીક આ દુર્ઘટના સર્જાઈ હતી.



અમેરિકી વિદેશ વિભાગે પાંચ અમેરિકન નાગરિકોના મોતની પુષ્ટિ કરી છે, જેમાં જાણીતા ટેલિવિઝન નેટવર્કના વડા જાસ સુઆરેઝ પણ સામેલ હોવાનું માનવામાં આવે છે. સ્થાનિક સફારી ઓપરેટરો અને રેડ ક્રોસની ટીમો દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાલ ઉડ્ડયન સત્તાવાળાઓ દ્વારા અકસ્માતના કારણો જાણવા માટે તપાસ ચાલુ છે.


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૧૯૧/૨૦૨૬

અરજદારશ્રી :- મકવાણા બચુભાઈ પાસાભાઈ
સરનામું :- રે. કડીયાળી તા. જાફરાબાદ જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-કડીયાળી
તા. જાફરાબાદ જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **કડીયાળી** ગામના શ્રી **મકવાણા બચુભાઈ પાસાભાઈ** એ તેમના **માતા** નામે **શ્રી મકવાણા સોનબાઈબેન પાચાભાઈ નું તા.૨૬/૦૬/૨૦૧૨** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.કે.પરમાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬**

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**


# NCERT ધોરણ ૧૧ અને ૧૨ માટે રાજકીય વિજ્ઞાનના નવા પાઠ્યપુસ્તકો તૈયાર કરશે

**૨૦ સભ્યોની નવી કમિટીની રચના કરાઈ**

નવી દિલ્હી,તા.૨૦

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ના રાજકીય વિજ્ઞાન વિષયના નવા પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે ૨૦ સભ્યોની નવી કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીનું નેતૃત્વ નિટ્ટે યુનિવર્સિટીના પ્રોફેસર સંદીપ શાસ્ત્રી કરશે.




આ નવા અભ્યાસક્રમમાં ભારતીય જ્ઞાન પ્રણાલી અને ભારતીય સંસ્કૃતિને ખાસ મહત્વ આપવામાં આવશે. નવી ટીમ આ વિષયવસ્તુના સમાવેશ માટે સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ અને ભાષા વિભાગો સાથે મળીને કામ કરશે.

આ સમિતિ માટે લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જે મુજબ ધોરણ ૧૧નું રાજકીય વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક ૩૦ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં અને ધોરણ ૧૨નું પાઠ્યપુસ્તક ૩૦ જુલાઈ ૨૦૨૭ સુધીમાં તૈયાર કરી દેવામાં આવશે.


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં. ૧૮૧/૨૦૨૬

અરજદારશ્રી :- પરમાર રાધાબેન ભવનભાઈ
સરનામું :- રે. વઢેરા તા. જાફરાબાદ જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-વઢેરા
તા. જાફરાબાદ જી. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **વઢેરા** ગામના શ્રી **પરમાર રાધાબેન ભવનભાઈ** એ તેમના **પુત્રી** નામે **શ્રી જોશનાબેન ભવનભાઈ પરમાર નો તા.૦૭/૦૩/૧૯૯૦** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬**

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# સાવરકુંડલા-ખાંભા પંથકમાં મિલીપેડના આતંકથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું

**મિતિયાળા સહિતના ગામોમાં મિલીપેડનો ઉપદ્રવ, ઘરમાં ઘૂસતા ગ્રામજનો પરેશાન**



સાવરકુંડલા, તા.૨૦

અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને ખાંભા તાલુકાના મિતિયાળા, કૃષ્ણગઢ, સાકરપરા અને નાનુડી ભાડ સહિતના ગામોમાં છેલ્લા ચાર વર્ષથી મિલીપેડનો ભારે ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. લાખો-કરોડોની સંખ્યામાં મિલીપેડ ઘરોમાં ઘૂસી જતા ગ્રામજનોનું સામાન્ય જનજીવન મુશ્કેલીમાં મુકાયું છે. ઘરની દીવાલો, છત, નળિયા અને ઘરવખરી પર પણ મિલીપેડ ફરી વળતા લોકો પરેશાન બન્યા છે. સ્થિતિ એટલી ગંભીર છે કે ગ્રામજનોને નીચે બેસીને જમવામાં પણ મુશ્કેલી પડતાં ખાટલા પર બેસીને જમવું પડે છે.સ્થાનિકોના આક્ષેપ મુજબ વિસ્તારમાં ડુંગરોના આડેધડ ખોદકામ અને જેસીબીના વધતા ઉપયોગને કારણે કુદરતી આવાસમાં ફેરફાર થતાં મિલીપેડની સંખ્યા વધી રહી છે. ગ્રામજનોએ તંત્ર સમક્ષ વૈજ્ઞાનિક તપાસ, જંતુનાશક દવાનો છંટકાવ અને ગેરકાયદેસર ખનન સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# ખાંભામાં રાત્રિ પેટ્રોલીંગ દરમિયાન હોમગાર્ડ જવાન પર લોખંડના સળિયાથી જીવલેણ હુમલો



અમરેલી, તા.૨૦

ખાંભા શહેરમાં રાત્રિના સુમારે અંદાજે ચાર વાગ્યે કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે પેટ્રોલીંગ કરી રહેલા હોમગાર્ડ જવાન પ્રવીણ સરવૈયા પર મોઢે રૂમાલ બાંધીને આવેલા ત્રણ અજ્ઞાત ઈસમોએ લોખંડની ટી વડે માથાના ભાગે પ્રાણઘાતક પ્રહાર કરતા ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત જવાનને ત્વરિત હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. અરજદાર એવા પીડિત જવાને આક્ષેપ કર્યો છે કે સ્થાનિક ગ્રામ પંચાયતમાં વ્યાપ્ત કથિત ભ્રષ્ટાચાર વિરુધ્ધ તેમણે કરેલી રજૂઆતોનું વૈમનસ્ય રાખી આ હુમલો કરવામાં આવ્યો હોવાની પ્રબળ આશંકા છે.સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત કર્મચારી પર જ સરેઆમ હુમલો થતાં સ્થાનિક રહીશોમાં આક્રોશ વ્યાપ્યો છે. અસામાજિક તત્વો સામે દાખલારૂપ કાનૂની કાર્યવાહી કરવા અને રાત્રિ સુરેક્ષા સઘન બનાવવાની ઉગ્ર માગ ઊઠી છે.

**કાયદો-વ્યવસ્થા સામે સવાલો**

# ગિરનાર પર સુરક્ષા ઓપરેશન તેજ, ૨૫ ટ્રેકર તૈનાત; સિંહની હિલચાલ પર નજર

જૂનાગઢ, તા.૨૦

ગિરનાર પર્વત પર માનવ-વન્યજીવ સંઘર્ષની ઘટનાઓ અટકાવવા અને યાત્રાળુઓની સુરક્ષા વધારવા વન વિભાગે ૨૫ ટ્રેકરોની ટીમ તૈનાત કરી છે. ગિરનારની નવી સીડી, જૂની સીડી અને દાતારની સીડી સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં ટ્રેકરો સતત પેટ્રોલિંગ કરશે. ગત ૧૧ જુલાઈએ ગિરનાર પર બાળક પર સિંહના હુમલાની ઘટના બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પસંદગી પામેલા ૨૫ ટ્રેકરોને સાસણ ગીર ખાતે વિશેષ તાલીમ આપવામાં આવી હતી. તેમને સિંહ સહિતના વન્યજીવોની વર્તણૂક, હિલચાલ, પગલાં અને હાજરીના સંકેતો ઓળખવા અંગે માર્ગદર્શન અપાયું છે. ડીસીએફ અક્ષય જાશીના માર્ગદર્શન હેઠળ આ વ્યવસ્થા અમલમાં મુકાઈ છે. વન વિભાગનો હેતુ યાત્રાળુઓને સમયસર ચેતવણી આપી માનવ-વન્યજીવ સંઘર્ષની સંભાવના ઘટાડવાનો છે.

# સુરતની સરકારી શાળામાં દારૂની મહેફિલનો વીડિયો વાયરલ, બાળકોની બેન્ચ પર પીરસાયો દારૂ



સુરત, તા.૨૦

સુરતના ભેસ્તાન વિસ્તારમાં આવેલી સિદ્ધાર્થનગર સરકારી શાળામાં દારૂની મહેફિલનો વીડિયો વાયરલ થતાં ખળભળાટ મચી ગયો છે. વાયરલ વીડિયોમાં શાળા પરિસરમાં પથી ૬ લોકો પ્લાસ્ટિકના ગ્લાસમાં દારૂ ભરીને પીતા જોવા મળે છે. બાળકો જ્યાં બેસીને શિક્ષણ મેળવે છે તે બેન્ચ પર જ દારૂના ગ્લાસ રાખવામાં આવ્યા હોવાના દશ્યો સામે આવ્યા છે. શાળાના પવિત્ર પરિસરમાં આ પ્રકારની પ્રવૃત્તિ સામે આવતા સુરત મહાનગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિ હરકતમાં આવી છે. શાળા પરિસરની સુરક્ષા અને વ્યવસ્થામાં બેદરકારી બદલ ફરજ પરના વોચમેનને તાત્કાલિક અસરથી હટાવી દેવામાં આવ્યો છે. શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયાના જણાવ્યા મુજબ, પ્રાથમિક તપાસમાં વીડિયો આશરે ૧૫ દિવસ જૂનો હોવાનું સામે આવ્યું છે. શાળાના બાળકો સાથે કોઈ બાબતે થયેલી તકરાર બાદ આ વીડિયો બનાવાયો હોવાની પણ માહિતી મળી છે. બીજી તરફ, વીડિયો વાયરલ થયા બાદ ભેસ્તાન પોલીસે તપાસ શરૂ કરી છે.

# વડોદરામાં બસના દરવાજામાં ગળું ફસાતા ૭ વર્ષીય બાળકનું મોત

વડોદરા, તા.૨૦

વડોદરા શહેરના તરસાલી બાયપાસથી ધન્યાવી તરફ જતા માર્ગ પર આવેલા સૂર્યનગર વિસ્તારમાં કરુણ ઘટના બની છે. બસ રિપેરિંગના કારખાનામાં ઊભેલી બસના દરવાજામાં ગળું ફસાઈ જતાં ૭ વર્ષીય દિવ્યેશ રાકેશ રાઠવાનું મોત નીપજ્યું હતું. રમતા-રમતા બાળકનું ગળું બસના ઓટોમેટિક દરવાજામાં ફસાઈ ગયું હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, એસી રિપેરિંગ માટે આવેલી જે.જી. ટ્રાવેલ્સની બસ નજીક દિવ્યેશ રમી રહ્યો હતો. ગંભીર હાલતમાં તેને સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. શ્રમજીવી પરિવારના માસૂમ બાળકના મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. દરમિયાન પોલીસ તપાસમાં કારખાનાના સીસીટીવી ફૂટેજમાં બાળકના મૃત્યુ પહેલાના અને બાદના દશ્યો જોવા મળ્યા હતા.


# ભાવનગરમાં લઠ્ઠાકાંડમાં મુખ્ય સૂત્રધાર રઈસ સહિત ૧૩ આરોપીઓની ધરપકડ



ભાવનગર, તા.૨૦

ભાવનગરમાં કથિત લઠ્ઠાકાંડમાં મિથેનોલયુક્ત નકલી ઇંગ્લિશ દારૂ પીવાના કારણે મૃત્યુઆંક વધીને ૯ પર પહોંચ્યો છે, જ્યારે ૪૬ લોકો હોસ્પિટલમાં આઈસીયુ અને વેન્ટિલેટર પર જીવબચાવ લડાઈ લડી રહ્યા છે. સ્ટેટ મોનિટરિંગ સેલે (SMC) નાગરિકોને ચેતવણી આપતા '૮૯૦૧૫૨૨૦૦૦૬૯૫' બારકોડ ધરાવતી રોયલ સ્ટેગની ઝેરી દારૂની બોટલો ન પીવા અને તેનો ત્વરિત નાશ કરવા અપીલ કરી છે.તપાસમાં ખૂલ્યા મુજબ, મધ્યપ્રદેશના ઉજ્જૈનથી આવેલા નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે ડૉક્ટરે સ્થાનિક બુટલેગરો સાથે મળીને ગૌતમ સોલંકીના ઘરે મિથેનોલયુક્ત દારૂ તૈયાર કર્યો હતો. ખુદ નરેન્દ્રસિંહે પણ આ દારૂનું સેવન કરતા તેનું નિધન થયું હતું.આ પ્રકરણમાં ઈન્દોરથી મુખ્ય સૂત્રધાર રઈસ સહિત ૧૩ આરોપીઓની ધરપકડ કરી ૧૦ દિવસના રિમાન્ડ મેળવાયા છે. ૨૧ ઈસમો સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. ફરજમાં લાપરવાહી દાખવવા બદલ વરતેજ પીઆઈ, એલસીબી પીઆઈ તથા ૪ પોલીસકર્મીઓને તત્કાળ અસરથી સસ્પેન્ડ કરાયા છે.

# કેશોદમાં ઘરકંકાસનો કરુણ અંત: પત્નીની હત્યા બાદ પતિનું પણ મોત



જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ જિલ્લાના કેશોદ શહેરમાં ઘરકંકાસનો કરુણ અંત આવ્યો છે. પત્નીના મોતના મામલે પતિ સામે હત્યાનો આરોપ નોંધાયા બાદ પતિનું પણ રેલવે ટ્રેક પર મોત થયું છે. બંનેએ આશરે ચાર વર્ષ પહેલાં પ્રેમલગ્ન કર્યા હતા. છેલ્લા કેટલાક સમયથી બંને વચ્ચે પારિવારિક બાબતોને લઈને વારંવાર ઝઘડા થતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, ગત રોજ પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થઈ હતી. વિવાદ ઉગ્ર બનતા-પત્ની સાથે ગંભીર હિંસા થઈ હતી, જેમાં તેનું મોત નીપજ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં કેશોદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પત્નીના મોત બાદ પતિ ઘરેથી નીકળી ગયો હતો. ત્યારબાદ રેલવે ટ્રેક પર તેનું પણ મોત થયું હતું. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પતિના મોત પાછળના સંજોગો સહિત સમગ્ર ઘટનાની તપાસ ચાલી રહી છે. બંને પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# રાજકોટ લોધિકા સંઘની ચૂંટણીમાં ભાજપની મેન્ડેટ પ્રથા પર પ્રશ્નાર્થ




રાજકોટ, તા.૨૦

રાજકોટ લોધિકા સહકારી સંઘની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ૮ સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણી માટે આજે ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે. ભાજપના મેન્ડેટ અંગે અંતિમ નિર્ણય થાય તે પહેલાં જ સાત ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોવાનું સામે આવ્યું છે. આંતરિક મતભેદો વચ્ચે રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા ચૂંટણી લડવા ઈચ્છુક તમામ દાવેદારોને ફોર્મ ભરવાની સૂચના અપાઈ હોવાનું જાણવા મળ્યું છે. ભાજપના બે પૂર્વ મંત્રીઓના જૂથો વચ્ચે ખેંચતાણની ચર્ચા છે. હવે ચૂંટણી બિનહરીફ થાય છે કે સીધી ટક્કર થાય છે તેના પર સૌની નજર છે.

# ચકચારી બહેરાપુરા હત્યા કેસમાં મુખ્ય આરોપીને આજીવન કેદ

અમદાવાદ, તા.૨૦

શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮માં બનેલા બહેરાપુરા હત્યા કેસમાં સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. યુવતીની છેડતી અને ઘરની બહાર મોટેથી ડીજે વગાડવા જેવી બાબતે થયેલી તકરારમાં ગિરીશભાઈ બોડાણાની હત્યા કરવામાં આવી હતી. કેસમાં મુખ્ય આરોપી કનૈયાલાલ ઉર્ફે કનુભાઈ વાડીલાલ ચૌહાણે છરી વડે ગિરીશભાઈ પર હુમલો કર્યો હતો. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. પોલીસે પુરાવા, એફએસએલ રિપોર્ટ, તબીબી પુરાવા અને સાક્ષીઓના નિવેદનોના આધારે ચાર્જશીટ રજૂ કરી હતી. કોર્ટે પુરાવાઓને ધ્યાને લઈ કનૈયાલાલને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. જ્યારે દિનેશ ઉર્ફે ચિરાગ ચૌહાણ અને હિમાંશુ ચૌહાણને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કર્યા છે.

# વડોદરાના ભાયલી ગેંગરેપ કેસમાં પાંચેય આરોપી દોષિત



(એચ.એસ.એલ), વડોદરા, તા.૨૦

વડોદરાના ચકચારી ભાયલી સામૂહિક દુષ્કર્મ કેસમાં પોક્સો કોર્ટે પાંચેય આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. વર્ષ ૨૦૨૪માં નવરાત્રિ દરમિયાન ૧૬ વર્ષની સગીરા સાથે બનેલી ઘટનામાં પોલીસે ઝડપી તપાસ કરીને પાંચેય આરોપીઓની ધરપકડ કરી હતી અને આશરે ૧૭ દિવસમાં ૬ હજાર પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી. કોર્ટમાં મેડિકલ, સાંયોગિક અને અન્ય પુરાવાઓ તથા સાક્ષીઓની જુબાની રજૂ કરવામાં આવી હતી. તમામ પુરાવાઓના આધારે કોર્ટે આરોપીઓને કસૂરવાર ઠેરવ્યા છે. હવે ૨૫ ઓગસ્ટે પાંચેય દોષિતોને કઈ સજા ફટકારવામાં આવે તે અંગે કોર્ટ નિર્ણય સંભળાવશે. આ ચુકાદાને પગલે કેસમાં સજાની કાર્યવાહી પર સૌની નજર રહેશે.






# જામનગર જિલ્લાના જાડિયાના વાવડીમાં વીજ લાઈન સામે કિસાન સત્યાગ્રહ



જામનગર, તા.૨૦

જામનગર જિલ્લાના જાડિયા તાલુકાના વાવડી ગામમાં ખેતરોમાંથી વીજ લાઈન પસાર કરવા અને વીજ થાંભલા ઊભા કરવાના મુદ્દે ખેડૂતોનો વિરોધ ઉગ્ર બન્યો છે. ખેડૂતો દ્વારા શ્રી રામદેવપીરજી મહારાજ મંદિર નજીક 'કિસાન સત્યાગ્રહ છાવણી' ઊભી કરી આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. વાવડીના સરપંચ ભાવેશભાઈ સહિત સાત ખેડૂતોએ અન્નનો ત્યાગ કરી આમરણાંત ઉપવાસ શરૂ કર્યો છે.ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની જમીનમાંથી વીજ લાઈન પસાર કરી થાંભલા ઊભા કરવાની કાર્યવાહી સામે તંત્ર સમક્ષ રજૂઆતો છતાં યોગ્ય ઉકેલ આવ્યો નથી. જ્યાં સુધી સંતોષકારક નિર્ણય નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી અપાઈ છે.દરમિયાન લીંબુડા, અણદા, ભાદરા, કેશીયા અને રામપર ગામોના ખેડૂતો પણ સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચ્યા હતા અને આંદોલનને સમર્થન આપ્યું હતું. ઢોલ-નગારાં સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મહિલાઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.